


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 056
Dt.: 06-11-2025,
Thursday
Page : 04
Rs.00.50 paisa



EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### ચીન-જાપાનને પછાડી આ ભારતીય શહેરે મારી બાજી

## મુંબઈ માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર એશિયામાં સૌથી ખુશ શહેર

### ૯૪ ટકા રહેવાસીઓએ કહ્યું કે મુંબઈ તેમને ખુશ કરે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

ખુશીને માપવી મુશ્કેલ લાગણી છે, પરંતુ જ્યારે શહેરી જીવનની વાત આવે છે, ત્યારે વાતાવરણ, ખોરાક અને નાઈટલાઈફ તમારા જીવનને સીધી અસર કરે છે. તાજેતરના એક મોટા સર્વેમાં બહાર આવ્યું છે કે એશિયામાં સૌથી ખુશ લોકો ક્યાં રહે છે. આ સર્વેમાં સંસ્કૃતિ, સલામતી અને જીવનની ગુણવત્તા જેવા વિવિધ પાસાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સૌથી મોટા સમાચાર એ છે કે એક ભારતીય શહેર ટોચના ૫ શહેરોની યાદીમાં બીજા બધાને પાછળ છોડીને નંબર વન સ્થાન મેળવ્યું છે. ચાલો જાણીએ કે એશિયામાં તે ૫ ખુશ સ્થળો કયા છે અને તે શા માટે સૌથી ખાસ છે.

ટાઈમ આઉટ દ્વારા હાથ ધરવામાં આવેલા એક મોટા સર્વે અનુસાર, સપનાનું શહેર, મુંબઈ, માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર એશિયામાં સૌથી ખુશ શહેર છે. હકીકતમાં, ૯૪ ટકા મુંબઈ રહેવાસીઓએ કહ્યું કે તેમનું શહેર તેમને ખુશ કરે છે. ૮૯% લોકો માને છે કે તેઓ મુંબઈમાં બીજા કોઈ પણ જગ્યાએ કરતાં વધુ ખુશ અનુભવે છે. ૮૮% લોકો માને છે કે તેમના ભાગીદારો પણ મુંબઈમાં ખૂબ જ સકારાત્મક અને ખુશ રહે છે.

મુંબઈની સફળતા પાછળ ઘણા કારણો છે. તે અસંખ્ય મનોરંજન વિકલ્પો, જીવંત સામાજિક વાતાવરણ અને ઉત્તમ કારકિર્દીની તકો ધરાવે છે. વધુમાં, મુંબઈ એશિયાના શ્રેષ્ઠ સ્ટ્રીટ ફૂડ શહેરોમાંનું એક છે, જે તેની ખુશીને વધુ વધારે છે.



ચીનના બે મુખ્ય શહેરો, બેઈજિંગ અને શાંઘાઈ, સૌથી ખુશ શહેરોની યાદીમાં બીજા અને ત્રીજા ક્રમે છે. બંને આધુનિકતા, સલામતી અને સંસ્કૃતિનું સંપૂર્ણ મિશ્રણ પ્રદાન કરે છે. બેઈજિંગ (બીજા સ્થાને) ના ૯૩ ટકા રહેવાસીઓએ કહ્યું કે તેમનું શહેર તેમને ખુશ કરે છે, તેની સુવિધાઓ, સલામત વાતાવરણ અને સમૃદ્ધ સાંસ્કૃતિક જીવનનો ઉલ્લેખ કરે છે. આ દરમિયાન, શાંઘાઈના ૯૨ ટકા રહેવાસીઓએ પણ તેમના શહેરને ખુશ શહેર તરીકે વર્ણવ્યું.

આ જ કારણ છે કે આ બંને શહેરોને જનરેશન-ઢ પેઢી માટે એશિયાના શ્રેષ્ઠ શહેરોમાં ગણવામાં આવે છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે અહીંના યુવાનોનું ભવિષ્ય માત્ર સુરક્ષિત જ નહીં પણ તકોથી ભરેલું પણ છે.

એશિયાના સૌથી ખુશ શહેરોની યાદીમાં, બે સુંદર દક્ષિણપૂર્વ એશિયાઈ શહેરો, ચિયાંગ માઈ (થાઈલેન્ડ) અને હનોઈ (વિયેતનામ), અનુક્રમે ચોથા અને પાંચમા ક્રમે છે. બંને શહેરના ૮૮% સ્થાનિક લોકોએ ખુશ હોવાનું જણાવ્યું.

ચિયાંગ માઈ તેના હરિયાળી અને શાંત વાતાવરણ માટે જાણીતું છે, જ્યારે હનોઈ "સકારાત્મક લોકો" અને "રોજિંદા અનુભવોમાં આનંદ" ની દ્રષ્ટિએ જીત્યું. બંને શહેરો ધમાલથી દૂર, ધીમી ગતિ અને સમુદાયની મજબૂત ભાવના સાથે જીવન શોધનારાઓ માટે ઉત્તમ વિકલ્પો છે.

રસપ્રદ વાત એ છે કે,
સિઓલ, સિંગાપોર અને જાપાનની રાજધાની ટોક્યો જેવા મોટા અને વૈશ્વિક સ્તરે પ્રખ્યાત શહેરો આ "ખુશી" દોડમાં ઘણા પાછળ છે. ટોક્યો ટોચના ૧૦માં પણ સ્થાન મેળવી શક્યું નથી, ફક્ત ૭૦ ટકા લોકો માને છે કે તેમનું શહેર તેમને ખુશ કરે છે. નિષ્ણાતો માને છે કે ઝડપી ગતિશીલ જીવનશૈલી, કાર્ય-જીવન સંતુલનનો અભાવ અને આ શહેરોમાં રહેવાની ઊંચી કિંમત આ પાછળના મુખ્ય કારણો હોઈ શકે છે. આ સ્થળોએ રહેતા લોકોને શાંત કુદરતી ઉદ્યાનો અને ભીડભાડ વચ્ચે આરામ કરતા સ્થળોએ સમય વિતાવવાની સલાહ આપવામાં આવે છે.

એશિયાના ૧૦ સૌથી સુખી શહેરો
૧. મુંબઈ, ભારત
૨. બેઈજિંગ, ચીન
૩. શાંઘાઈ, ચીન
૪. ચિયાંગ માઈ, થાઈલેન્ડ
૫. હનોઈ, વિયેતનામ
૬. જકાર્તા, ઈન્ડોનેશિયા
૭. હોંગકોંગ
૮. બેંગકોક, થાઈલેન્ડ
૯. સિંગાપોર
૧૦. સિઓલ, દક્ષિણ કોરિયા

## હરિયાણામાં એક યુવતીએ નામ બદલી-બદલીને કુલ ૨૨ વખત મત આપ્યા: લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીનો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સમાં 'H ફાઈલ્સ' નામે વિવિધ પુરાવા રજૂ કરીને હરિયાણામાં વોટ ચોરીનો દાવો કર્યો છે. હરિયાણાની મતદાર યાદીમાં બ્રાઝિલની એક મોડલનું નામ હોવાનો દાવો થતાં જ દેશના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. તેમણે જણાવ્યું કે, હરિયાણામાં અનેક ફરિયાદોના આધારે શંકા થઈ હતી કે, કંઈક ખોટું થઈ રહ્યું છે. આ દિશામાં તપાસ કરતાં વોટ ચોરીના પુરાવા મળ્યા છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, હરિયાણામાં અમને ઉમેદવારો પાસેથી ફરિયાદ મળી હતી. તમામ પૂર્વાનુમાન બદલાઈ ગયા. અમે તપાસ કરી પાંચ એક્ઝિટ પોલમાં જણાવાયું હતું કે, હરિયાણામાં કોંગ્રેસ જીતી રહ્યું છે. પરંતુ ચૂંટણીમાં પરિણામ ઓપિનિયન પોલથી અલગ જ આવ્યા. રાહુલ ગાંધીએ દાવો કર્યો કે, હરિયાણામાં એક યુવતીએ નામ બદલી-બદલીને કુલ ૨૨ વખત મત આપ્યા હતા. ક્યારેક તે સીમા, ક્યારેક તે સ્વિટી, અને ક્યારેક સરસ્વતી બની મત આપવા આવી હતી. રાહુલ ગાંધીએ આ યુવતીનો નકલી ફોટો પણ જાહેર કર્યો હતો, જે બ્રાઝિલની મોડલનો ફોટોગ્રાફ હતો. એ ફોટોગ્રાફ પણ કોઈ વિદેશી ફોટોગ્રાફરે ક્લિક કર્યો હતો. રાહુલ ગાંધી અનુસાર, હરિયાણાની રાઈ વિધાનસભામાં એક મહિલાએ ૨૨ વખત મતદાન કર્યું હતું. તેણે કુલ ૧૦ બુથ પર મતદાન કર્યું હતું. આ મહિલા બ્રાઝિલની મોડલ છે જેની તસવીર મેથ્યુઝ ફરેરો દ્વારા લેવામાં આવી હતી. હરિયાણામાં કોંગ્રેસ માત્ર ૨૨,૭૮૯ મતથી હારી ગઈ. રસાકસીનો માહોલ હતો. હરિયાણામાં પ્રથમ વખત એવું બન્યું કે, પોસ્ટલ બેલેટ વાસ્તવિક પરિણામોથી વિપરિત હતું. પાંચ મોટા એક્ઝિટ પોલમાં કોંગ્રેસની જીત દર્શાવવામાં આવી હતી.

હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે મોટા ષડયંત્રનો આરોપ મૂકતાં દાવો કર્યો કે, અમને ઉમેદવારો પાસેથી મળેલી ફરિયાદ બાદ તપાસ કરતાં અમારા પૂર્વાનુમાન બદલાઈ ગયા. તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો. એક ષડયંત્ર રચાયું, જેમાં કોંગ્રેસની મોટી જીતને હારમાં તબદીલ કરવામાં આવી. દેશના યુવાનોના ભવિષ્ય સાથે ચેડાં કરવામાં આવ્યા.

### ઉધાર પૈસા લઈ રકમ લેવા પહોંચ્યો

## શાકભાજી વેચનારાને લાગ્યો જેકપોટ, ૧૧ કરોડની લોટરી જીત્યો

### જયપુર જિલ્લાના કોટપુતલી ગામના રહેવાસી અને શાકભાજી વિક્રેતા અમિત સેહરાની જિંદગી અચાનક બદલાઈ ગઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)જયપુર

જયપુર જિલ્લાના કોટપુતલી ગામના રહેવાસી અને શાકભાજી વિક્રેતા અમિત સેહરાની જિંદગી અચાનક બદલાઈ ગઈ છે, કેમકે તેને ૧૧ કરોડની લોટરી લાગી છે. અમિત સેહરાએ જણાવ્યું કે તે પોતાના એક મિત્ર સાથે પંજાબના મોગા ફરવા ગયો હતો ત્યારે તેણે લોટરીની બે ટિકિટ ખરીદી હતી. એક ટિકિટ તેણે પોતાના નામ પર લીધી હતી અને બીજી ટિકિટ પત્નીના નામ પર લીધી હતી. રસપ્રદ વાત એ છે કે આ ટિકિટો ખરીદવા માટે અમિતે પોતાના મિત્ર પાસેથી ૧૦૦૦ ઉધાર લીધા હતા.

જયપુર જિલ્લાના કોટપુતલી ગામના રહેવાસી અમિતે જણાવ્યું કે, તેની પત્નીના નામ પર લીધેલી ટિકિટ પર તેને ૧૦૦૦નું ઈનામ મળ્યું છે, જ્યારે તેની ટિકિટ પર ૧૧ કરોડનું બમ્પર ઈનામ મળ્યું છે. લોટરી જીત્યા પછી ઔપચારિકતાઓ પૂર્ણ કરવા માટે ચંદીગઢ આવેલા અમિત સેહરાએ આંખોમાં આંસુ સાથે પોતાની વાત કહેતા જણાવ્યું કે, મારી પાસે ઈનામ લેવા ચંદીગઢ પહોંચવા માટે પણ પૈસા નહોતા. આથી મેં મિત્ર પાસેથી પૈસા ઉધાર લીધા, જેથી ઈનામની રકમ લેવા જઈ શકાય.

અમિત સેહરા શાકભાજીની લારી લગાવે છે. તેણે ભઠિન્ડાની એક દુકાનમાંથી લોટરીની ટિકિટ ખરીદી હતી. નસીબે તેનો સાથ આપ્યો અને તેણે પંજાબ સ્ટેટ લોટરી–દિવાળી બમ્પર ૨૦૨૫નું સર્વોચ્ચ ઈનામ જીતી લીધું. લોટરીનું પરિણામ ૩૧ ઑક્ટોબરે જાહેર થયું હતું.

૧૧ કરોડ જીત્યા બાદ અમિત સેહરાએ પંજાબ સરકાર અને લોટરી એજન્સીનો આભાર માન્યો અને કહ્યું કે, હવે મારા બધા દુઃખ-દર્દ દૂર થઈ ગયા છે. મોગા ફરવા દરમિયાન મિત્ર પાસેથી ૧૦૦૦ ઉધાર લઈને મેં બે ટિકિટ લીધી હતી, જેમાં તેની ટિકિટ પર ૧૧ કરોડ અને પત્નીની ટિકિટ પર ૧૦૦૦નું ઈનામ નીકળ્યું છે. અમિતે વધુમાં કહ્યું કે તે પોતાના મિત્રની બંને દીકરીઓને ૫૦-૫૦ હજાર આપશે. અમિતે આગળ કહ્યું કે મેં મારી માતાને ગુમાવ્યા છે, તેથી હું દીકરીઓનું દર્દ સમજી શકું છું. તેથી હું મારા મિત્રની દીકરીઓને ૫૦-૫૦ હજાર આપીશ. બાકીના પૈસા હું મારા બાળકોના શિક્ષણ અને ઘર બનાવવામાં લગાવીશ. હું લોકોને પંજાબ સરકારની આ યોજનાનો લાભ લેવા વિનંતી કરું છું. મારી પ્રાર્થના છે કે દરેક વ્યક્તિની ગરીબી દૂર થાય.

## મહાદેવ એપનો કૌભાંડી રવિ ઉપ્પલ ફરાર થઈ જતાં સુપ્રીમ કોર્ટ લાલઘૂમ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

૬૦૦૦ કરોડથી વધુના મહાદેવ સટ્ટાબાજી એપ કૌભાંડના આરોપી રવિ ઉપ્પલના દુબઈમાંથી ભાગી જવાને કારણે સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. સર્વોચ્ચ અદાલતે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ને આ સટ્ટાબાજી એપના કો-ફાઉન્ડર રવિ ઉપ્પલને શોધીને ધરપકડ કરવા માટે આદેશ આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કહ્યું છે કે, વ્હાઈટ કોલર આરોપીઓને અદાલતો અને તપાસ એજન્સીઓને રમકડાંની જેમ ઉપયોગ કરવા દેવામાં આવશે નહીં.

જસ્ટિસ એમ.એમ. સુંદરેશ અને જસ્ટિસ સતીશ ચંદ્ર શર્માની બેન્ચે આરોપી ઉપ્પલ કાયદાથી બચી જતાં ગંભીર નારાજગી વ્યક્ત કરી અને કહ્યું, આ કોર્ટના વિવેકને હચમચાવે છે, હવે કંઈક કરવું જ પડશે. એવું કહેવાય છે કે ભારતમાં તપાસ એજન્સીઓથી બચી રહેલો ઉપ્પલ દુબઈથી કોઈ અજ્ઞાત સ્થળે ભાગી ગયો છે, જેના કારણે યુનાઈટેડ આરબ એમિરેટ્સ (UAE)ના અધિકારીઓએ તેની પ્રત્યાર્પણ પ્રક્રિયા અટકાવી દીધી છે.

આ મામલે કોર્ટે સખત ટકોર કરતાં કહ્યું કે, આવા ગુનેગારો માટે અદાલતો અને તપાસ એજન્સીઓ ફક્ત રમકડાં બનીને નથી રહી શકતી. EDએ તેને વહેલી તકે શોધીને ધરપકડ કરવી જોઈએ. સર્વોચ્ચ અદાલત રવિ ઉપ્પલ દ્વારા દાખલ કરવામાં આવેલી એક અરજી પર સુનાવણી કરી રહી હતી. આ અરજીમાં તેણે છત્તીસગઢ હાઈકોર્ટના ૨૨ માર્ચના આદેશને પડકાર્યો હતો, જેણે ઉપ્પલને રાયપુરની નીચલી અદાલતમાં ચાલી રહેલા મની લોન્ડ્રિંગ કેસની કાર્યવાહીમાં હાજર રહેવાનો નિર્દેશ આપ્યો હતો.

ED વતી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એસ.વી. રાજુએ કોર્ટને જણાવ્યું કે, ઉપ્પલ ૨૦૨૩માં દુબઈમાં કસ્ટડીમાં હતો, પણ હવે તે ત્યાંથી ભાગી ગયો છે. તેમણે એ પણ ઉમેર્યું કે આવા આર્થિક ગુનેગારો સામાન્ય રીતે એવા દેશોમાં છુપાઈ જાય છે જેમની સાથે ભારતની પ્રત્યાર્પણ સંધિ નથી, જેમ કે બ્રિટિશ વર્જિન આઈલેન્ડ્સ. ઉપ્પલના વકીલે સમય માંગતા, બેન્ચે આ કેસની આગામી સુનાવણી ૧૪ નવેમ્બર પર નક્કી કરી. બેન્ચે વકીલને સ્પષ્ટ નિર્દેશ આપ્યો કે તે ઉપ્પલને ભારત પરત આવીને કાયદેસર કાર્યવાહીનો સામનો કરવા માટે સમજાવે.

નોંધનીય છે કે, ડિસેમ્બર ૨૦૨૩માં ઈન્ટરપોલ નોટિસના આધારે ઉપ્પલની દુબઈમાં અટકાયત થઈ હતી, પરંતુ પાછળથી તેને નિરીક્ષણ હેઠળ મુક્ત કરવામાં આવ્યો હતો. ઈડીના મતે, ઉપ્પલ અને તેના સાથી સૌરભ ચંદ્રાકરે ૨૦૧૮માં મહાદેવ સટ્ટાબાજી એપ શરૂ કરી હતી, જેના દ્વારા ગેરકાયદેસર ઓનલાઈન સટ્ટાબાજીનું સંચાલન થતું હતું.

એજન્સીઓના આંકડા મુજબ, આ કૌભાંડનું કદ આશરે ૬,૦૦૦ કરોડનું છે અને તે ઘણાં રાજ્યોમાં ફેલાયેલું છે. ઉપ્પલના સાથી ચંદ્રાકરની ઓક્ટોબર ૨૦૨૪માં દુબઈમાં ધરપકડ થઈ છે અને તેના પ્રત્યાર્પણની વિનંતી હજી બાકી છે. આ કેસ મૂળરૂપે છત્તીસગઢ પોલીસ દ્વારા તપાસવામાં આવતો હતો, જેમણે પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલને પણ આરોપી બનાવ્યા હતા, પરંતુ બાદમાં તેની તપાસ કેન્દ્રીય તપાસ બ્યુરો (CBI)ને સોંપાઈ હતી.

## ચીને અમેરિકા સામેનો ૨૪% ટેરિફ હટાવ્યાની કરી જાહેરાત

(સંપૂર્ણ સમાચાર સેવા)બેઈજીંગ

ચીને અમેરિકન સામાન પર લગાવેલો ૨૪% ટેરિફ હટાવી દીધો છે અને તેને એક વર્ષ માટે સ્થગિત કરવાનો નિર્ણય કર્યો છે.

તાજેતરમાં દક્ષિણ કોરિયામાં થયેલી ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની બેઠક બાદ જ્યાં US એ ચીન ટેરિફમાં ૧૦%નો ઘટાડો કર્યો હતો, ત્યાં હવે ડ્રેગને પણ મોટો નિર્ણય લેતા અમેરિકાને રાહત આપી છે.

ડોનાલ્ડ ટ્રમ્પ અને શી જિનપિંગની મુલાકાતની મોટી અસર હવે જોવા મળી રહી છે અને US-China વેપાર યુદ્ધ લગભગ અટકી ગયું છે. ચીને બુધવારે એક મોટી જાહેરાત કરતા કહ્યું કે તે ચીનમાં આવતી તમામ અમેરિકન વસ્તુઓ પરનો પોતાનો ૨૪% ટેરિફ એક વર્ષ માટે ટાળી દેશે. જોકે, ૧૦% ટેરિફ લાગુ રહેવાનો છે.

ચીન તરફથી લેવાયેલો આ નિર્ણય, વિશ્વની બે સૌથી મોટી અર્થવ્યવસ્થાઓ વચ્ચેના વેપાર તણાવમાં ઘટાડો થવાનો સંકેત આપે છે. ચીનના સ્ટેટ કાઉન્સિલ ટેરિફ કમિશન દ્વારા જાહેર કરાયેલા નિવેદનમાં, એક વર્ષ માટે ૨૪% ટેરિફ સ્થગિત કરવા અને તેને તાત્કાલિક અસરથી લાગુ કરવાનો નિર્ણય લેવાયો છે.






## ફિલિપાઈન્સમાં કાલમેગી વાવાઝોડાએ તબાહી મચાવી: કુલ મૃત્યુઆંક ૫૨ને વટાવી ગયો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઝડપથી આગળ વધતું વાવાઝોડું કાલમેગી સોમવારે મધ્ય ફિલિપાઈન્સ પરથી પસાર થતાં ૫૨ લોકોનાં મોત થયા હતાં. અનેક લોકો પોતાના ઘરોની છત પર ફસાયા હતાં. બે ગામોમાં અનેક વાહનો ડૂબી ગયા હતાં તેમ અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. આ દરમિયાન પૂરગ્રસ્તોની મદદ માટે ગયેલું ફિલિપાઈન્સ એર ફોર્સનું હેલિકોપ્ટર તૂટી પડયું છે.



આ હેલિકોપ્ટરમાં કુલ પાંચ લોકો સવાર હતાં. ફીલીપાઈન્સ સમુદ્રમાં અચાનક જાગેલાં ચક્રવાતી તોફાને વિનાશ વેરી નાખ્યો છે. કલાકના ૨૨૦ કી.મી.ની ઝડપે આવેલા આ તોફાનથી સરકાર પણ હેબતાઈ ગઈ છે. ઈમર્જન્સી જાહેર કરી દીધી છે. અસંખ્ય વૃક્ષો અને વીજળીનાં થાંભલાઓ જમીનદોસ્ત થઈ ગયા છે. વીજ પુરવઠો બંધ કરાવી દીધો છે. ચારે તરફ તબાહીનું મંજર છે.ફીલીપાઈન્સનાં હવામામ વિભાગ અનુસાર ૪ નવેમ્બરના દિને મોડી રાત પછી ત્રાટકેલા આ ચક્રવાતે અસંખ્ય ઘરોને જળમગ્ન કરી દીધાં છે. અનેક વિસ્તારો જળબંબાકાર છે. ચક્રવાતની સાથે આવેલા ભારેથી અતિ ભારે વરસાદને લીધે રાહત ટુકડીઓ પણ મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે.ફીલીપાઈન્સ હવામાન વિભાગના જણાવ્યા મુજબ પાંચ પોઈન્ટનું આ તોફાન મગાસા સવારે પાંચ વાગે સેબુ અને ઓસ્ટુરિયસ ટાપુઓ પર પહોંચ્યું હતું તે પછી તેની ઝડપ ઘટીને કલાકના ૧૪૦ કી.મી. જેટલી થઈ હતી છતાં તે ગતિ પણ અસામાન્ય હતી.આગામી ૨૪ કલાકમાં પશ્ચિમ તરફ જશે તેથી ૫-૬ નવેમ્બર સુધી તો નોર્ધન પલવાન અને પશ્ચિમ ફીલીપાઈન્સમાં તબાહી મચાવી દેશે પછી તે વિયેતનામ તરફ આગળ વધશે. ત્યાં અને પછી પૂર્વ થાઈલેન્ડ તે પહોંચતાં તે દેશોમાં પણ ભારે વરસાદ થવાની પૂરી શકયતા છે.ફીલીપાઈન્સમાં બચાવ ટુકડીઓ, સેના, પોલીસ હાઈ એલર્ટ પર મુકાઈ ગયાં છે.

તબીબોની રજા રદ કરાઈ છે. હોસ્પિટલોમાં તૈયારીઓ કરાઈ ગઈ છે. જોકે આ લખાઈ રહ્યું છે ત્યારે જાન-માલની નુકસાનીના આંકડા મળ્યા નથી તેટલું જાણવા મળ્યું છે કે દોઢ લાખથી વધુ લોકોને સલામત સ્થળે પહોંચાડવામાં આવ્યા છે.

# તંત્રી લેખ......

## રાજકારણમાં ગુનેગારો કેમ ખીલી રહ્યા છે?

છેલ્લી ત્રણ બિહાર વિધાનસભા ચૂંટણીઓમાં, એવું લાગે છે કે તમામ પક્ષોએ ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા ઉમેદવારો પર વિશ્વાસ મૂક્યો છે. રાજકારણના ગુનાહિતકરણનો અર્થ ફક્ત રાજકીય નિર્ણય લેવાની પ્રક્રિયામાં ગુનેગારોની સંડોવણી છે. બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા મુજબ, કુલ ઉમેદવારોમાંથી ૩૫ ટકા ઉમેદવારો સામે ગુનાહિત કેસ છે. મોકામા વિધાનસભા મતવિસ્તારમાં જન સૂરજ ઉમેદવારના સમર્થક દુલારચંદ યાદવની તાજેતરમાં થયેલી હત્યાએ ફરી એકવાર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મીડિયાનું ધ્યાન રાજકારણના ગુનાહિતકરણ તરફ ખેંચ્યું છે. આ પ્રશ્ન ઉભો કરે છેઃ તાજેતરના દાયકાઓમાં ભારતમાં ગુના અને રાજકારણ વચ્ચેનો જાણીતો સંબંધ કેમ વિકસ્યો છે? આ સંબંધને મજબૂત બનાવવામાં રાજકીય પક્ષો મુખ્ય ભૂમિકા ભજવે છે તેના કારણો શું છે? કારણ કે, મોટાભાગના કિસ્સાઓમાં, તેઓ ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા ઉમેદવારોને નામાંકિત કરવા માટે જવાબદાર સંસ્થાઓ છે. આ પ્રશ્નો ઉપરાંત, આ લેખ રાજકારણના ગુનાહિતકરણ સાથે સંબંધિત બે અન્ય મહત્વપૂર્ણ પ્રશ્નોને સંબોધવાનો પ્રયાસ કરે છેઃ શું બધા રાજકીય પક્ષો આ માટે જવાબદાર છે? શું ભારતીય લોકશાહીમાં રાજકારણનું ગુનાહિતકરણ બિહાર સિવાયના રાજ્યોમાં પ્રચલિત છે? છેલ્લે, રાજકારણમાં ગુના તરફ દોરી જતા ચોક્કસ માર્ગો કયા છે?

ભારતીય લોકશાહી પ્રક્રિયાનું માળખું એવું રહ્યું છે કે રાજકીય પક્ષો ચૂંટણી રાજકારણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આનું કારણ એ છે કે સ્વતંત્રતા પછી પક્ષીય રાજકારણે લોકોના માનસ પર ઊંડી અસર છોડી છે. ભારતના અગ્રણી રાજકીય વિશ્લેષક મિલન વૈષ્ણવ માને છે કે સ્વતંત્રતા પછી, ભારતમાં ગરીબી અને નિરક્ષરતા વ્યાપક હતી. વિવિધ રાજકીય પક્ષો વચ્ચે તફાવત કરવા માટે, વિવિધ ચૂંટણી પ્રતીકો આપવામાં આવ્યા હતા. પરિણામે, રાજકીય પક્ષો ભારતીય લોકશાહીમાં બ્રાન્ડ બની ગયા. તેમની છબી લોકોના મન અને હૃદયમાં સ્થાપિત થઈ ગઈ. ધીમે ધીમે, આ રાજકીય પક્ષો વ્યક્તિત્વ-કેન્દ્રિત બન્યા, જ્યાં ન તો વિચારધારા કે ન તો આંતરિક લોકશાહી મહત્વની રહી. ઉદાહરણ તરીકે, સમાજવાદી પાર્ટી, રાષ્ટ્રીય જનતા દળ, જનતા દળ યુનાઈટેડ, તૃણમૂલ કોંગ્રેસ અને તેલુગુ દેશમ પાર્ટી, અન્યો, ફક્ત ચૂંટણી ભંડોળ જ નહીં પરંતુ ચોક્કસ પ્રદેશમાં પ્રભાવ ધરાવતા વ્યક્તિઓ પણ શોધે છે. ટૂંકમાં, પક્ષો સર્વવ્યાપી હોય છે પરંતુ આંતરિક રીતે લોકશાહી નથી. ઉમેદવારોની પસંદગી સામાન્ય રીતે ભદ્ર-સંચાલિત હોય છે. વિચારધારા ભાગ્યે જ લિટમસ ટેસ્ટ તરીકે કામ કરે છે. તેથી, રાજકીય પક્ષો ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા ઉમેદવારોની તરફેણ કરે તેવી શક્યતા વધુ હોય છે.

બીજી બાજુ, આ રાજકીય પક્ષો ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા લોકોને ચોક્કસ પ્રદેશ અને સમુદાયના તારણહાર તરીકે બ્રાન્ડ કરે છે. મતદારો ઘણીવાર ગુનાહિત ઉમેદવારોને ટેકો આપે છે કારણ કે તેમની ગુનાહિતતા તેમના સમુદાયના હિતોનું રક્ષણ કરવાની તેમની ઈચ્છા અને ક્ષમતા દર્શાવે છે. સમુદાય અને જાતિ-આધારિત હિતો જાણીતા "ગૌરવ રાજકારણ"નો લાભ લે છે જે ભારતમાં સમકાલીન રાજકીય સ્પર્ધાની ઓળખ છે. ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા ઉમેદવારો સમગ્ર મતવિસ્તારના હિતોની સેવા કરવાને બદલે તેમના સમુદાયના શ્રેષ્ઠ હિતોનું પ્રતિનિધિત્વ કરવાના આધારે પ્રચાર કરે છે. તેઓ તેમના સમર્થકોને લક્ષ્ય બનાવતી વિવિધ પદ્ધતિઓ દ્વારા આ પ્રતિબદ્ધતા દર્શાવે છેઃ

સ્થાનિક વિવાદોનું સમાધાન કરવું, ભૌતિક સુરક્ષા પૂરી પાડવી, કલ્યાણકારી લાભોના વહીવટમાં દખલ કરવી, અને ઘણીવાર તેમના પોતાના ખજાનામાંથી સામાજિક વીમો પૂરો પાડવો. તેમની સંપત્તિ અને હિંસા પર દબાણ કરવાની, અથવા ફક્ત ધમકી આપવાની ક્ષમતા એ ધારણાને પ્રોત્સાહન આપે છે કે તેઓ કામ પૂર્ણ કરવા માટે ગમે તે કરશે. રાજકીય સંદર્ભમાં જ્યાં સામાજિક વિભાજન વ્યાપક છે અને રાજ્યને તેના મુખ્ય સાર્વભૌમ કાર્યોના ન્યાયી અથવા અસરકારક બચાવકર્તા તરીકે જોવામાં આવતું નથી, ઉમેદવારો તેમના મતદારો વતી "કામ પૂર્ણ કરવા" માટે તેમની વિશ્વસનીયતાના સંકેત તરીકે તેમની ગુનાહિત પ્રતિષ્ઠાનો ઉપયોગ કરીને કાયદેસરતા મેળવે છે.જોકે, ભારતમાં મતદારો ઉદાસીનતાથી દૂર દેખાય છે, અને ભારતીય ઈતિહાસમાં પહેલી વાર, મહિલાઓ - જે તાજેતરના પ્રયોગમૂલક અભ્યાસો અનુસાર, સુશાસનને પ્રાથમિકતા આપવાની શક્યતા વધુ છે - ચૂંટણીના દિવસે પુરુષો કરતાં વધુ મતદાન કરે છે.

---

રાષ્ટ્રગીત "વંદે માતરમ"ના મૂળ સ્વરૂપના સમૂહગાન સાથે સ્વદેશીની શપથ ગ્રહણ કરાશે

# ભારતના રાષ્ટ્રગીત "વંદે માતરમ"ના ૧૫૦ વર્ષની ગુજરાતભરમાં થશે ભવ્ય ઉજવણી

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં ઉજવાશે "વંદે માતરમ @ ૧૫૦": પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

પ્રવકતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે કે, ભારતના રાષ્ટ્રગીત "વંદે માતરમ"ના નિર્માણને ૧૫૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ તા : ૦૭મી નવેમ્બરના રોજ રાષ્ટ્રવ્યાપી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે ગુજરાતમાં પણ ભારતના રાષ્ટ્ર ગીત "વંદે માતરમજ૧૫૦"ની ઉજવણી ઉલ્લાસભેર કરાશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રાજ્ય કક્ષાનો કાર્યક્રમ ગુજરાત વિધાનસભા પરિસર ખાતે ૭મી નવેમ્બરના રોજ યોજાશે. જેમાં રાષ્ટ્રગીત "વંદે માતરમ"ના મૂળ સ્વરૂપનું સમુહગાન સાથે સ્વદેશીની શપથ ગ્રહણ પણ કરાશે. તેમણે ઉમેર્યું કે, રાષ્ટ્રીય સ્વતંત્રતા દરમિયાન રાષ્ટ્ર ગીત "વંદે માતરમ"ના માધ્યમથી સમગ્ર સ્વતંત્રતા ચળવળ એક તાંતણે બંધાઈ હતી અને એક નવી ઉંચાઈ હાંસલ કરી હતી. ભારતનું રાષ્ટ્ર ગીત આપણા સમગ્ર દેશ માટે રાષ્ટ્રીય ગૌરવની બાબત છે. ત્યારે રાષ્ટ્ર ગીતના સન્માનમાં વિવિધ કાર્યક્રમની ઉજવણી કરવાની વડાપ્રધાનશ્રીએ પ્રેરણા આપી છે, જેની રાજ્યભરમાં ઉજવણી કરાશે. પ્રવકતા મંત્રીશ્રીએ ઉમેર્યું કે, તા. ૭ નવેમ્બરના દિવસે રાજ્યના વિવિધ પ્રભારી મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં જિલ્લાઓ ખાતે, જિલ્લા પંચાયત પ્રમુખશ્રીની ઉપસ્થિતિમાં જિલ્લા પંચાયત ખાતે તથા મેયરશ્રીની ઉપસ્થિતિમાં મહાનગપાલિકાઓ ખાતે, જિલ્લા પોલીસ વડાશ્રીની ઉપસ્થિતિમાં જિલ્લા પોલીસ વડાની કચેરી તથા નગરપાલિકા પ્રમુખશ્રીની ઉપસ્થિતિમાં તમામ નગરપાલિકાઓ ખાતે રાષ્ટ્ર ગીત "વંદે માતરમ"ના મૂળ સ્વરૂપનું સમુહગાન તથા સ્વદેશીની શપથ ગ્રહણ કરવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું. આ ઉપરાંત રાજ્યના પોલીસ બેન્ડ દ્વારા પાટનગર ગાંધીનગર તથા જિલ્લાના મુખ્ય મથકના જાહેર સ્થળોએ રાષ્ટ્ર ગીત "વંદે માતરમ" તથા અન્ય દેશ ભક્તિના ગીતો આધારિત ધૂન પ્રસ્તુતિ કરાશે. તાઃ૦૭-૧૧-૨૦૨૫ થી તા.૨૬-૧૧-૨૦૨૫ દરમિયાન સરકારી તથા ખાનગી યુનીવર્સીટીઓ, શાળાઓ અને કોલેજો, સરકારી કચેરીઓ અને જાહેર સ્થળો ખાતે રાષ્ટ્ર ગીત "વંદે માતરમ"ના મૂળ સ્વરૂપનું સમુહગાન સાથે સ્વદેશીની શપથ તથા કોલેજો ખાતે "વંદે માતરમ્જ૧૫૦" થીમ આધારિત સેમીનાર, વકતૃત્વ સ્પર્ધા, ચર્ચાઓનું પણ આયોજન કરાશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

---

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ, જનજાતિય ગૌરવ વર્ષ ઉજવણી

# રાજ્ય સરકાર દ્વારા તા. ૭થી ૧૩ નવેમ્બર સુધી અંબાજીથી એકતાનગર અને ઉમરગામથી એકતાનગર સુધી કુલ ૧,૩૭૮ કિ.મી.ની 'જનજાતિય ગૌરવ રથ યાત્રા'નું વિશેષ આયોજન

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે તા.૧ થી ૧૫મી નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન 'જનજાતીય ગૌરવ વર્ષ મહોત્સવ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા તા.૭ થી ૧૩ નવેમ્બર સુધી રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં જનજાતિય ગૌરવ રથ યાત્રા કરશે જેમાં રૂટ નં-૧ ઉમરગામથી એકતાનગર સુધી ૬૬૫ કિમી અને રૂટ નં-૨ અંબાજીથી એકતાનગર સુધી ૭૧૩ કિમી એમ કુલ ૧,૩૭૮ કિ.મી.માં આદિજાતિ વિસ્તારને આવરી લઈ 'જનજાતિય ગૌરવ રથ યાત્રા'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

રાષ્ટ્રનિર્માણમાં જનજાતિય સમાજના ગૌરવપૂર્ણ યોગદાનને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૨૧માં બિરસા મુંડાના જન્મદિવસ તા. ૧૫મી નવેમ્બરને 'જન જનજાતીય ગૌરવ દિવસ' તરીકે સમગ્ર દેશમાં ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જે અન્વયે ચાલુ વર્ષે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ વર્ષ રાજ્યમાં 'જનજાતીય ગૌરવ વર્ષ' તરીકે ખૂબ ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે.

રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ અને રાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડાના માર્ગદર્શનમાં ગુજરાત સરકાર દ્વારા 'જનજાતીય ગૌરવ રથયાત્રા'નું રાજ્યના ૧૪ જિલ્લાઓના ૮૮ જેટલા ગામોમાં વિવિધ રૂટ વાઈઝ આયોજન કરવામાં આવ્યું છે. આ રથયાત્રાના રૂટ ઉપર તેમજ ખાસ કરીને રાત્રિ રોકાણ દરમિયાન ભગવાન બિરસા મુંડાના જીવન સાથે જોડાયેલી ગાથાઓ તેમજ આદિજાતિ વિકાસ યોજનાઓની માહિતીને નાટક, સભાઓ, સંવાદ, વકતૃત્વ સ્પર્ધાઓ જેવા વિવિધ માધ્યમો દ્વારા નાગરિકો સમક્ષ રજૂ કરવામાં આવશે.

'જનજાતીય ગૌરવ રથયાત્રા'ની વિગતો

રૂટ નં. ૧

દિવસ-૧ (તા. ૦૭/૧૧/૨૦૨૫)

રથયાત્રા વલસાડ જિલ્લાના ઉમરગામથી પ્રસ્થાન કરી સંજાણ, ભીલાડ, વાપી, પારડી, નાનાપોંઢા અને ધરમપૂર આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, સાંસદ શ્રી ધવલભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઈ ચૌધરી, ધારાસભ્ય સર્વે શ્રી જીતુભાઈ ચૌધરી, શ્રી અરવિંદભાઈ પટેલ અને શ્રી રમણભાઈ પાટકર સહભાગી થશે.

દિવસ-૨ (તા. ૦૮/૧૧/૨૦૨૫)

રથયાત્રા વલસાડના ધરમપુરથી પ્રસ્થાન કરી નવસારીના ખેરગામ, રૂમલા, રાનકુવા, સુરતના અનાવલ, ઉનાઈના ભીનાર અને નવસારીના વાંસદા આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, સાંસદ શ્રી ધવલભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઈ ચૌધરી, ધારાસભ્ય સર્વે શ્રી મોહનભાઈ ઢોડિયા અને શ્રી અરવિંદભાઈ પટેલ સહભાગી થશે.

દિવસ-૩ (તા. ૦૯/૧૧/૨૦૨૫)

રથયાત્રા નવસારીના વાંસદાથી પ્રસ્થાન કરી ડાંગના વઘઈ, ઝાવડા, તાપીના ડોલવણ, જેસીંગપુરા અને વ્યારા આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, સાંસદ શ્રી પરભુભાઈ વસાવા, પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઈ ચૌધરી, ધારાસભ્ય સર્વે શ્રી મોહનભાઈ ઢોડિયા, શ્રી મોહનભાઈ કોંકણી અને શ્રી વિજયભાઈ પટેલ સહભાગી થશે.

દિવસ-૪ (તા. ૧૦/૧૧/૨૦૨૫)

રથયાત્રા તાપીના વ્યારાથી પ્રસ્થાન કરી સોનગઢ, ભંડભુજા, ઉચ્છલ, નારણપુર, રૂમકીતળાવ, વેલદા ટાંકી અને નિઝર આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, સાંસદ શ્રી પરભુભાઈ વસાવા, પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઈ ચૌધરી, ધારાસભ્ય શ્રી કુંવરજીભાઈ હળપતિ, અધ્યક્ષ તાપી શ્રી સુરજભાઈ વસાવા, જિ.પં. પ્રમુખ શ્રી જાલમસિંહ વસાવા સહભાગી થશે.

દિવસ-૫ (તા. ૧૧/૧૧/૨૦૨૫)

રથયાત્રા તાપીના કુંકરમુંડાથી પ્રસ્થાન કરી નર્મદાના જાવલી, સાગબારા, ચીકદા, સુરતના ઉમરપાડા, માલધાફાટા, સઠવાવ અને માંડવી આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા, પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઈ ચૌધરી, સાંસદ શ્રી પરભુભાઈ વસાવા, ધારાસભ્ય સર્વે શ્રી દર્શનાબેન દેશમુખ અને શ્રી કુંવરજીભાઈ હળપતિ સહભાગી થશે.

દિવસ-૬ (તા. ૧૨/૧૧/૨૦૨૫)

રથયાત્રા સુરતના માંડવીથી પ્રસ્થાન કરી અરેઠ, તડકેશ્વર, નાની નરોલી, માગરોળની મોસાલી, વાંકલ, ઝંખવાવ, વાડી, વાલીયાની ડેઈલી, વાલીયા, તલોદદ્રા અને ઝઘડીયા આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા, મંત્રી શ્રી ઈશ્વરભાઈ પટેલ, સાંસદ શ્રી પરભુભાઈ વસાવા, પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઈ ચૌધરી, ધારાસભ્ય સર્વે શ્રી ગણપતસિંહ વસાવા, શ્રી કુંવરજીભાઈ હળપતિ અને રિતેશભાઈ વસાવા સહભાગી થશે.

દિવસ-૭ (તા. ૧૩/૧૧/૨૦૨૫)

રથયાત્રા ભરૂચના નેત્રંગથી પ્રસ્થાન કરી નર્મદાના મોવી, રાજપીપળા અને એકતાનગર-કેવડીયા આવીને પૂર્ણાહૂતિ થશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા, મંત્રી શ્રી ઈશ્વરભાઈ પટેલ, સાંસદ શ્રી પરભુભાઈ વસાવા, પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઈ ચૌધરી, ધારાસભ્ય સર્વે શ્રી ગણપતસિંહ વસાવા, શ્રી કુંવરજીભાઈ હળપતિ અને રિતેશભાઈ વસાવા સહભાગી થશે.

રૂટ નં. ૨

દિવસ-૧ (તા. ૦૭/૧૧/૨૦૨૫)

રથયાત્રા બનાસકાંઠા જિલ્લાના અંબાજીથી પ્રસ્થાન કરી પોસીના, ખેરોજ, ખેડબ્રહ્મા આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડા, મંત્રી શ્રી રમેશભાઈ કટારા, પૂર્વ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર, સાંસદ શ્રીમતી રમિલાબેન બારા અને પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઈ ચૌધરી સહભાગી થશે.

દિવસ-૨ (તા. ૦૮/૧૧/૨૦૨૫)

રથયાત્રા સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્માથી પ્રસ્થાન કરી નાકા, અંદ્રોખા, વિજયનગર, પાલ, ચિઠોડા, અરવલ્લીના ભીલોડા અને શામળાજી આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડા, મંત્રી શ્રી રમેશભાઈ કટારા, પૂર્વ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર, સાંસદ શ્રીમતી રમિલાબેન બારા અને પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઈ ચૌધરી સહભાગી થશે.

દિવસ-૩ (તા. ૦૯/૧૧/૨૦૨૫)

રથયાત્રા સાબરકાંઠાના શામળાજીથી પ્રસ્થાન કરીને અરવલ્લીના મેઘરજ, માલપુર, બાબલીયા, ડીંડવાસ, કડાણા અને સંત્રામપુર આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડા, મંત્રી શ્રી રમેશભાઈ કટારા, પૂર્વ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર, સાંસદ સર્વે શ્રી જશવંતસિંહ ભાભોર અને શ્રીમતી રમિલાબેન બારા અને પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઈ ચૌધરી સહભાગી થશે.

દિવસ-૪ (તા. ૧૦/૧૧/૨૦૨૫)

રથયાત્રા સંત્રામપુરાથી પ્રસ્થાન કરીને સુખસર, ઝાલોદ, દાહોદના કોબોંઈ ધામ, દાહોદ, ગરબાડા, ધાનપુર, લીમખેડા આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડા, મંત્રી શ્રી રમેશભાઈ કટારા, પૂર્વ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર, સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોર, ધારાસભ્ય સર્વે શ્રી મહેશભાઈ ભૂરિયા અને શ્રી કનૈયાલાલ કિશોરી તેમજ પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઈ ચૌધરી સહભાગી થશે.

દિવસ-૫ (તા. ૧૧/૧૧/૨૦૨૫)

રથયાત્રા દાહોદ જિલ્લાના લીમખેડાથી પ્રસ્થાન કરીને બાડીબાર, મોરા, મોરવાહડપ, સંત્રોળ, ભંમૈયાપૂર્વ, સિમેલ્યા, ઘોઘંબા, પાવાગઢ આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડા, મંત્રી શ્રી રમેશભાઈ કટારા, પૂર્વ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર, સાંસદ સર્વે શ્રી જશવંતસિંહ ભાભોર અને શ્રી, જશુભાઈ રાઠવા, પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઈ ચૌધરી અને ધારાસભ્ય શ્રીમતી નિમિષાબેન સુથાર સહભાગી થશે.

દિવસ-૬ (તા. ૧૨/૧૧/૨૦૨૫)

રથયાત્રા પંચમહાલ જિલ્લાના પાવાગઢથી પ્રસ્થાન કરીને નારૂકોટ, પંચમહાલના જાંબુઘોડા, બોડેલી, જેતપુર પાવી, તેજગઢ, છોટાઉદેપુર આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડા, મંત્રી શ્રી રમેશભાઈ કટારા, પૂર્વ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર, સાંસદ સર્વે શ્રી જશવંતસિંહ ભાભોર અને શ્રી, જશુભાઈ રાઠવા, પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઈ ચૌધરી અને ધારાસભ્ય શ્રીમતી નિમિષાબેન સુથાર સહભાગી થશે.

દિવસ-૭ (તા. ૧૩/૧૧/૨૦૨૫)

રથયાત્રા ક્વાંટથી પ્રસ્થાન કરીને નસવાડી, એકતાનગર-કેવડીયા આવીને પૂર્ણાહુતિ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડા, મંત્રી શ્રી રમેશભાઈ કટારા, રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, પૂર્વ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર, સાંસદ સર્વે શ્રી મનસુખભાઈ વસાવા, શ્રી જસવંતસિંહ ભાભોર, શ્રી જશુભાઈ રાઠવા, શ્રી ધવલભાઈ પટેલ, શ્રી પરભુભાઈ વસાવા, શ્રીમતી રમિલાબેન બારા,પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઈ ચૌધરી, પૂર્વ મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ, દંડક શ્રી વિજયભાઈ પટેલ, તમામ ધારાસભ્યશ્રીઓ, જિલ્લા સંગઠનના અધ્યક્ષશ્રી, પ્રદેશ હોદેદારશ્રીઓ, જિલ્લા પંચાયતના અધ્યક્ષશ્રીઓ, અને તાલુકા પંચાયતના અધ્યક્ષશ્રીઓ સહભાગી થશે.

- જીગર બારોટ

---

# સુપ્રીમ કોર્ટ દ્વારા ઝટકો અપાયા બાદ મોદી સરકારનું નરમ વલણઃ બંગાળમાં ફરી મનરેગા શરૂ કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (MGNREGA)ને લઈને સુપ્રીમ કોર્ટમાં ઝટકો લાગ્યાના થોડા દિવસો બાદ જ, ગ્રામીણ વિકાસ મંત્રાલયે પશ્ચિમ બંગાળમાં આ યોજનાને ખાસ શરતો સાથે ફરીથી શરૂ કરવા પર વિચાર કરવાનો નિર્ણય લીધો છે. ત્રણ વર્ષથી વધુ સમયથી રાજ્યમાં બંધ પડેલી આ યોજનાને ફરી શરૂ કરવા માટે તૃણમૂલ કોંગ્રેસની આગેવાની હેઠળની સરકાર સતત કેન્દ્ર સરકારને વિનંતી કરી રહી હતી. હવે જે માહિતી સામે આવી રહી છે તે મુજબ, આ યોજનાની ફરી શરૂઆત થઈ શકે છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, મંત્રાલયે ગયા અઠવાડિયે વડાપ્રધાન કાર્યાલય (PMO)ને માહિતી આપી હતી કે તે કેટલીક ખાસ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પશ્ચિમ બંગાળમાં મનરેગા યોજનાને ફરી શરૂ કરવા પર વિચાર કરી શકે છે. તેના પ્રતિભાવમાં, PMOએ મંત્રાલય પાસેથી આ સમગ્ર મામલે એક સવિસ્તૃત રિપોર્ટની માંગણી કરી હતી. આ ઘટનાક્રમ ૨૭ ઓક્ટોબરે સુપ્રીમ કોર્ટ દ્વારા કેન્દ્રની વિશેષ મંજૂરી અરજી (SLP)ને ફગાવી દેવાયા પછી આવ્યો છે. કેન્દ્ર સરકારે કલકત્તા હાઈકોર્ટના ૧૮ જૂનના આદેશને પડકાર્યો હતો, જેમાં મનરેગા યોજનાને ૧ ઓગસ્ટ, ૨૦૨૫થી પશ્ચિમ બંગાળમાં લાગુ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટ સમક્ષ, હાઈકોર્ટે કેન્દ્ર સરકારને એ અધિકાર આપ્યો હતો કે તે રાજ્યમાં યોજનાના અમલ માટે વિશેષ શરતો, નિયંત્રણો અને નિયમો લાદી શકે છે, જેથી ભવિષ્યમાં કોઈ પણ પ્રકારની ગેરકાયદેસરતા કે અનિયમિતતા અટકાવી શકાય. જોકે, હાઈકોર્ટના આદેશનો અમલ થાય તેના બરાબર એક દિવસ પહેલાં, એટલે કે ૩૧ જુલાઈએ, કેન્દ્ર સરકારે આ આદેશને પડકારવા માટે સુપ્રીમ કોર્ટમાં વિશેષ મંજૂરી અરજી (SLP) દાખલ કરી હતી. જોકે, સુપ્રીમ કોર્ટે ૨૭ ઓક્ટોબરના રોજ આ અરજીને ફગાવી દીધી. MGNREGA અધિનિયમ, ૨૦૦૫ની કલમ ૨૭ને ટાંકીને, કેન્દ્ર સરકારે ૯ માર્ચ, ૨૦૨૨ના રોજ પશ્ચિમ બંગાળને ફંડ આપવાનું બંધ કરી દીધું હતું. આ નિર્ણય પાછળનું કારણ કેન્દ્રીય નિર્દેશોનું પાલન ન થવું જણાવાયું હતું. ફંડ બંધ થયા બાદ, રાજ્યમાં આ યોજના હેઠળ કોઈ કામ થયું નથી. જોકે, આ યોજના સસ્પેન્ડ થઈ તે પહેલાં, ૨૦૧૪-૧૫થી ૨૦૨૧-૨૨ દરમિયાન, દર વર્ષે રાજ્યના ૫૧ લાખથી ૮૦ લાખ જેટલા પરિવારો આ યોજનાનો લાભ લેતા હતા. હવે, સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ, ગ્રામીણ વિકાસ મંત્રાલય ભ્રષ્ટાચાર અને અનિયમિતતાઓને અટકાવવાના ઉદ્દેશ્યથી, ખાસ શરતો સાથે યોજનાને ફરીથી શરૂ કરવા પર વિચાર કરી રહ્યું છે.

---

જામનગર પોલીસનો સપાટો

# ઈંગ્લિશ દારૂની હેરાફેરી કરતી બે કાર સાથે આરોપીને દબોચ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર જિલ્લાના ધ્રોલ પંથકમાં ઈંગ્લિશ દારૂની હેરાફેરી સંદર્ભે ગઈકાલે રાત્રે એલસીબીની ટુકડી તથા ધ્રોલ પોલીસે અલગ અલગ બે સ્થળે દરોડા પાડ્યા હતા, અને ઈંગ્લીશ દારૂની બાટલીનો માતબર જથ્થો પકડી પાડયો છે, અને ત્રણ આરોપીઓની અટકાયત કરી લઈ રૂપિયા સાડા તેર લાખની માલમતા કબજે કરી છે, જયારે દારૂના સપ્લાયરને ફરાર જાહેર કરાયા છે.ઈંગલિશ દારૂ અંગેનો સૌ પ્રથમ દરોડો એલસીબીની ટુકડીએ સોયલ ટોલનાકા પાસે પાડ્યો હતો. ત્યાંથી પસાર થઈ રહેલી એક કારને આંતરીને તેની તલાસી લેતા કારમાંથી ૩૮૪ નંગ ઈંગ્લિશ દારૂની બાટલીનો માતબર જથ્થો મળી આવ્યો હતો. તેથી પોલીસે કાર અને દારૂ સહિત રૂપિયા ૬,૯૭,૦૦૦ ની માલમતા કબજે કરી છે, જ્યારે કારની અંદર બેઠેલા જામનગરના અશોક પ્રતાપભાઈ પરમાર તેમજ દીપક દેવજીભાઈ શિયાળની અટકાયત કરી લીધી છે. જે બંનેની પૂછપરછ દરમિયાન ઉપરોક્ત દારૂ જામનગરના રણજીત સાગર રોડ પર રહેતા સદામ ઉર્ફે મુન્ના બોદુભાઈ સાફિયાએ મંગાવ્યો હોવાથી તેને ફરાર જાહેર કરવામાં આવી છે.

ધ્રોલ પોલીસે વિદેશી દારૂની હેરાફેરીના એક મોટા રેકેટનો પર્દાફાશ કરીને રૂપિયા ૬,૬૬,૪૦૦ ના મુદ્દામાલ સાથે એક આરોપીને ઝડપી પાડ્યો છે. લતીપર તરફથી ધ્રોલ આવતી એક સ્વીફ્ટ કારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. ધ્રોલ પોલીસે ગાંધીચોકમાં વોચ ગોઠવી હતી. દરમિયાન એક કાર ત્યાંથી પસાર થતાં તેને અટકાવીને તલાસી લીધી હતી, જે તલાસી દરમિયાન કારમાંથી ઈંગ્લિશ દારૂની ૩૨૪ નંગ બોટલોનો મોટો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે કાર અને મોબાઈલ ફોન સહિત રૂપિયા ૬,૬૬,૦૦૦ ની માલમતા કબજે કરી હતી. જ્યારે કારની અંદર બેઠેલા જામનગરના સુનિલ જયસુખભાઈ મકવાણાની અટકાયત કરી લીધી હતી. પોલીસ પૂછપરછ દરમિયાન આ દારૂનો જથ્થો જામનગરમાં રહેતા સદામ ઉર્ફે મુન્નો બોદુભાઈ સફિયાએ મંગાવ્યો હોવાથી તેને ફરાર જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

---

# અંતિમ તબક્કામાં ભારત-અમેરિકાની ટ્રેડ ડીલ, વ્હાઈટ હાઉસનો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી નિયમિત વાતચીત કરી રહ્યા છે, અને બંને દેશોની ટીમો વેપાર અને આર્થિક સહયોગ અંગે ગંભીરતાથી ચર્ચા કરી રહી છે. વ્હાઈટ હાઉસે મંગળવારે આ જાહેરાત કરી હતી. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે પત્રકારોને જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ ટ્રમ્પને વડા પ્રધાન મોદી પ્રત્યે ખૂબ માન છે, અને બંને વારંવાર વાત કરે છે.

તેમણે જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચે વેપાર કરાર ગંભીર અને રચનાત્મક તબક્કામાં છે. લેવિટે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ અને તેમની વેપાર ટીમ ભારત સાથે સતત સંપર્કમાં છે, અને બંને પક્ષો આ મુદ્દા પર ખંતપૂર્વક કામ કરી રહ્યા છે.

લેવિટે નોંધ્યું હતું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે તાજેતરમાં દિવાળી નિમિત્તે ઓવલ ઓફિસમાં વડા પ્રધાન મોદી સાથે વાત કરી હતી. આ કાર્યક્રમમાં ઘણા વરિષ્ઠ ભારતીય-અમેરિકન અધિકારીઓ પણ હાજર હતા. તેમણે કહ્યું કે રાષ્ટ્રપતિ ભારત-અમેરિકન સંબંધો પ્રત્યે ખૂબ જ સકારાત્મક છે અને તેને અત્યંત મહત્વપૂર્ણ માને છે. તેમણે ભારતમાં યુએસ રાજદૂત સર્જિયો ગોર દ્વારા કરવામાં આવી રહેલા ઉત્તમ કાર્યની પણ પ્રશંસા કરી હતી.

ગયા અઠવાડિયે દક્ષિણ કોરિયાની મુલાકાત દરમિયાન, ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ ભારત સાથે નવા વેપાર કરાર પર પહોંચવાની આશા રાખે છે. આ નિવેદનને બંને દેશો વચ્ચેના સંબંધોમાં ઠંડકના સંકેત તરીકે જોવામાં આવી રહ્યું છે. તાજેતરના મહિનાઓમાં સંબંધો બગડ્યા હતા જ્યારે અમેરિકાએ ભારત દ્વારા રશિયન તેલની ખરીદી પર નારાજગી વ્યક્ત કરીને ભારતીય આયાત પર ૫૦% સુધીનો ટેરિફ લગાવ્યો હતો. અમેરિકાએ સૌપ્રથમ ૩૦ જુલાઈના રોજ ૨૫% ટેરિફ લગાવ્યો હતો, ત્યારબાદ એક અઠવાડિયા પછી ૨૫% વધારાનો ટેરિફ લગાવ્યો હતો.

એ નોંધવું જોઈએ કે રશિયાના મુખ્ય તેલ નિકાસકારો, રોઝનેફ્ટ અને લુકોઈલ પર નવા યુએસ પ્રતિબંધો બાદ, ભારતીય રિફાઈનરીઓએ રશિયન તેલની ખરીદી ઘટાડી દીધી છે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# અમરેલી જિલ્લાના ભાજપ કોંગ્રેસના બે દિગ્ગજ નેતાઓના ટવીટ પોસ્ટથી રાજકારણમાં ગરમાવોઃ આવનારા સમયમાં નવા જુની થવાના એંધાણ

પ્રતિનિધિ,ગાંધીનગર

તાજેતરમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના મંત્રી મંડળ વિસ્તરણ બાદ અનેક જિલ્લાઓમાં કયાંક ખુશી તો કયાંક ગમ જેવા દ્રશ્યો ભાજપ પક્ષમાં જોવા મળી રહ્યા છે.



અમરેલી જિલ્લાના ભાજપના દિગ્ગજ નેતા દિલીપ સંઘાણીએ એકાએક સોશીયલ મીડીયામાં દિકરીના નહાપા લાગ્યા તેવી પોસ્ટ મુકાયાના કલાકો બાદ કોંગ્રેસના પૂર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ પણ વર્તમાન પરીસ્થિતિને ધ્યાને લઈ જગતના તાતને જીવવા દેજો તેવુ ટવીટ કરતા ગુજરાતના રાજકીય ક્ષેત્રે ગરમાવો આવ્યો છે અને બંને નેતાઓની પોસ્ટ ટવીટ થી રાજકારણમાં ચર્ચા જામી છે. અમરેલી ભાજપના વરીષ્ઠ રાજકીય નેતા અને ઈફકો ચેરમેન દિલીપભાઈ સંઘાણી દ્વારા સોશીયલ મીડીયા પર કરવામાં આવેલી પોસ્ટથી ભારે ચકચાર મચી જવા પામી છે અને આવનારા સમયમાં રાજકીય નવા જુની થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

આ પોસ્ટમાં તેમણે લખ્યુ હતુ કે દિકરીના નહાપા લાગ્યા, જેના કારણે જિલ્લાના રાજકીય અને સામાજિક વર્ગોમાં અનેક અટકળો ફેલાઈ છે. આ પોસ્ટમાં કઈ દિકરી અને કઈ બાબતના નિહાપા લાગ્યા તે સ્પષ્ટ કરેલુ નથી, જેના કારણે લોકો વિવિધ અનુમાન લગાવી રહ્યા છે. સ્થાનિક લોકો અને રાજયના રાજકીય વિશ્લેષકો એમ માને છે કે સંઘાણીના નિવેદન પાછળ કોઈ ખાસ રાજકીય સંદર્ભ અથવા સામાજિક મુદ્દો હોઈ શકે છે. તેમ છતાં પોસ્ટમાં કોઈ સ્પષ્ટ ઉલ્લેખ ન હોવાને અમરેલી જિલ્લાનુ રાજકારણ ગરમાયુ છે.

દિલીપ સંઘાણી અમરેલીના ભાજપના દિગ્ગજ નેતા છે અને તેમના રાજકીય અને સામાજિક પગલા લોકો માટે ખુબ મહત્વ ધરાવે છે. તેમની આ પોસ્ટ બાદ સોશીયલ મીડીયા પર કમેન્ટ અને શેરીંગમાં ઝડપથી વધારો થયો છે, અનેક લોકો તેમની આ પોસ્ટને રાજકીય સંકેત તરીકે લઈ રહ્યા છે. જયારે કેટલાક લોકો સામાજિક મુદ્દાઓ સાથે જોડાણ શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે.

જાહેર અને લોક ચર્ચાઓ વચ્ચે દિલીપ સંઘાણીની આ પોસ્ટ માટે કોઈ સ્પષ્ટતા માટે કોઈ નિવેદન હજુ સુધી મીડીયા આગળ આવ્યુ નથી. રાજકીય વર્ગ અને સ્થાનિક લોકો હવે જોવામાં રસ ધરાવે છે કે આ પોસ્ટ પછી વરીષ્ઠ નેતાનુ સ્ટેન્ડ શુ રહેશે અને કઈ દિશામાં વાત આગળ વધે છે.

આ બનાવ બાદ અમરેલીમાં તેમજ રાજયના રાજકારણમાં ભારે ચર્ચા ઉઠી છે. સોશીયલ મીડીયા પર સંઘાણીને પોસ્ટને લઈને વિશ્લેષણ અને અટકળો સતત વધ્યા કરે છે અને લોકો આ મુદ્દે આગામી દિવસોમાં વધુ સ્પષ્ટતા માટે રાહ જોઈ રહ્યા છે.

તાજેતરમાં અમરેલી જિલ્લામાં પડેલા કમોસમી વરસાદથી ખેતી પાકને વ્યાપક નુકશાન થતા ખેડુતોની વેદનાને વાચા આપવા મેદાનમાં આવેલા વિધાનસભાના પૂર્વ નેતા વિપક્ષ પરેશ ધાનાણીએ જગતના તાતને જીવવા દેજો ના શિર્ષક તળે ધાનાણીનુ ટવીટ કરતા સનસનાટી મચી જવા પામેલ છે.

પરેશ ધાનાણીએ ટવીટમાં જણાવ્યુ છે કે ખેતીવાડી ખાતાની સલાહ, કૃષિ તજજ્ઞ ના અભિપ્રાય તેમજ ખેડુતોની કોઠા સુઝથી કાઢેલા પ્રાથમિક અંદાજો મુજબ ખરીફ ની મોસમ દરમિયાન વાવેતર કરેલી કપાસની વિઘા દીઠ ઓછામાં ઓછો અંદાજીત ઉત્પાદન ખર્ચ રૂપીયા ૧૮૩૭૦ તથા પ્રાથમિક ઉતારાના અંદાજો મુજબ વિઘા દીઠ સરેરાશ ૨૦ મણ ઉપજની ટેકાના ભાવે કિંમત ૩૧૬૪૦ ગણાય છે. આમ કમોસમી માવઠાથી મોકાણથી ખેડુતોને સરેરાશ કુલ અંદાજીત ૫૦૦૧૦ જેટલુ પાક નુકશાન થયુ હોવાનો અંદાજ છે ત્યારે પરેશ ધાનાણીએ સવાલ કર્યો છે કે હવે તમે કહો કે ખેડુતોને વિઘા દીઠ નુકશાનીનુ અધિકારીક વળતર મળવુ જોઈએ કે પછી માત્ર રૂપીયા ૮ હજારની સહાયની સરકારી ભીખ મળવી જોઈએ ? ખેતી માટે થતા ખર્ચનુ લીસ્ટ મુકીને ધાનાણીનુ ખેતી બચાવવા કર્યુ ટવીટ કરતા સ્થાનિક રાજકારણ ગરમાયુ છે.

ઉલ્લેખનીય છે કે ગઈ કાલે વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીને આડેહાથ લેતા પરેશ ધાનાણીએ જણાવ્યુ હતુ કે પરસેવો પાડીને રોટલો ખાનારો આ ખેડુત છે, કોઈની ભીખનો મોહતાજ નથી. હું તો કેદુનો કહુ છુ કે આપને બાપ બેય એક બાપના સંતાન છે, ભાઈ ગોપાલ વિસાવદર માં ખેડુતોએ તને ખભે બેસાડી સામા પાણીએ તને ચુંટીને મોકલ્યો હતો અને હવે અમારા વિઘે ૫૦ હજાર ધોવાયા છે અને તુ વિઘે ૮ હજારમાં સોદો કરી નાખે છે ? પરેશ ધાનાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે આખા ગુજરાતના ખેડુતોનુ ૮ હજારમાં સોદો કરવાનુ ષડયંત્ર રચાણુ છે કે શું તેઓ સવાલ કરતા જણાવ્યુ હતુ કે ભાઈ ગોપાલ, ખબરદાર તમારે વેચાવવુ હોય તો વેચાવ તમારા પેકેજ ભલે નકકી થઈ ગયા હોય, અમારૂ પેકેજ અમારો ખેડુત નકકી કરશે, તે તો દાદાના ખોળે બારોબાર ઉઘાડા પગે મુજરો કરવાનુ વચન આપી ગુજરાતના ખેડુતોને ૮ હજારમાં ગીરવે મુકવાનુ ષડયંત્ર રચ્યુ છે તેવો ગંભીર આક્ષેપ કર્યો હતો.

# મહેસાણા સ્ટેશનનું પુનર્વિકાસ કાર્ય ઝડપી પ્રગતિ પરઃ યાત્રીઓને મળશે અત્યાધુનિક સુવિધાઓ અને બહેતર મુસાફરીનો અનુભવ

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના મહેસાણા રેલવે સ્ટેશનનું અમૃત ભારત સ્ટેશન યોજના (એબીએસએસ) હેઠળ ઝડપથી રિડેવલપમેન્ટ કરવામાં આવી રહ્યું છે. આ યોજનાનો ઉદ્દેશ્ય સ્ટેશનને ન માત્ર મુસાફરો માટે વિશ્વ કક્ષાની સુવિધાઓથી સજ્જ કરવાનો છે પરંતુ તેને શહેરના વિકાસ, કનેક્ટિવિટી અને આર્થિક પ્રવૃત્તિ માટે મુખ્ય કેન્દ્ર બનાવવાનો પણ છે. પુનર્વિકાસ પછી, મહેસાણા સ્ટેશન એક મલ્ટિમોડલ ટ્રાન્ઝિટ હબ તરીકે ઉભરી આવશે,જયાં આધુનિકતા, સુવિધા અને સૌંદર્યનો સુંદર સંગમ જોવા મળશે.



● નવું સ્ટેશન બિલ્ડીંગ (પૂર્વ દિશા) - નિર્માણધીન

મહેસાણા સ્ટેશનની પૂર્વ દિશામાં સ્થિત નવા સ્ટેશન બિલ્ડિંગનું નિર્માણ કાર્ય ઝડપથી ચાલી રહ્યું છે. બિલ્ડિંગના ફસાડનું સૌંદર્યકરણ કરવામાં આવી રહ્યું છે, જેનાથી સ્ટેશનનું બહારનું દ્રશ્ય વધુ આધુનિક અને આકર્ષક લાગશે.

સર્ક્યુલેટિંગ એરિયા પૉર્ચ, વેઈટિંગ રૂમ, બુકિંગ ઓફિસ, ટિકિટ ચેકિંગ સ્ટાફ ઓફિસ, પૂછપરછ કાર્યાલય, અને વાહન સંચાલન માટે સરળ વ્યવસ્થાઓ સામેલ હશે.

અધિકારીઓ માટે વિશ્રામગૃહ, ૦૩ રિટાયરીંગ રૂમ, ડોરમીટરી, સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમ અને સ્વચ્છ શૌચાલયોની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે જેથી યાત્રીઓ અને રેલવે કર્મચારીઓ બંનેને સુવિધા મળી શકે.

● મુખ્ય કાર્યો અને પ્રગતિની સ્થિતિ

★ મુખ્ય પ્રવેશદ્વાર પર ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર પાર્કિંગનું નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ગયું છે.

★ બીજા પ્રવેશદ્વારના સ્ટેશન બિલ્ડીંગમાં બુકિંગ ઓફિસ અને એસી/નોન-એસી વેઈટિંગ હોલનું કામ ચાલુ છે.

★ મુસાફરોની સલામત અવરજવરને સરળ બનાવવા માટે, સ્ટેશનની બંને બાજુ સીમલેસ કનેક્ટિવિટી પૂરી પાડવા માટે ૪૦ ફૂટ પહોળો રૂફ પ્લાઝા બનાવવામાં આવી રહ્યો છે. આ રાણી કમલાપતિ સ્ટેશન પર રૂફ પ્લાઝામાંથી મેળવેલા અનુભવ પર આધારિત છે.

● પ્લેટફોર્મ ૪ અને ૫ પર શેલ્ટર નિર્માણનું કાર્ય પૂર્ણ થઈ ગયું છે અને તેને દિવ્યાંગજન - અનુકૂળ બનાવવામાં આવ્યા છે.

● આધુનિક યાત્રી સુવિધાઓ

મહેસાણા સ્ટેશનના પુનર્વિકાસ પછી યાત્રીઓને અનેક સુવિધાજનક તથા અત્યાધુનિક સુવિધાઓ પ્રાપ્ત થશે.

● કુલ ૦૮ પ્લેટફોર્મ અને ૧૨ રેલ લાઈનો, જેમાંથી ૦૨ ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (ડીએફ સી) માટે આરક્ષિત છે.

● સ્ટેશન પર ૦૨ ફૂટ ઓવરબ્રિજ અને ૦૪ લિફ્ટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

● યાત્રીઓના આરામ માટે એસી, નોન-એસી અને મહિલા વેઈટિંગ રૂમ બનાવવામાં આવી રહ્યા છે.

● દરેક પ્લેટફોર્મ પર ૨૮-૨૮ સ્ટેનલેસ સ્ટીલ બેન્ચ લગાવવામાં આવી રહી છે, સાથે જ કોચ ગાઈડન્સ સિસ્ટમ પ્લેટફોર્મ નં. ૧, ૪/૫ અને ૬/૭ પર લગાવવામાં આવી રહી છે.

● યાત્રીઓની સુવિધા માટે, ફૂડ પ્લાઝા, વન સ્ટેશન વન પ્રોડક્ટ સ્ટોલ, જન ઔષધિ કેન્દ્ર, એટીએમ, એટીવીએમ, લગેજ ટ્રોલી અને વ્હીલચેરની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

● સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સ્ટેશન પરિસરમાં ઉચ્ચ-રિઝોલ્યુશન સીસીટીવી કેમેરા સ્થાપિત કરવામાં આવી રહ્યા છે.

● ડોરમીટરી, રિટાયરીંગ રૂમ, બુકિંગ ઓફિસ અને પૂછપરછ કેન્દ્રનું આધુનિકીકરણ કરવામાં આવ્યું છે.

● યાત્રીઓને એક અનોખો અનુભવ પ્રદાન કરવા માટે "રેસ્ટોરન્ટ્ ઓન વ્હીલ્સ" ની સ્થાપવાકરવાની યોજના પણ પ્રસ્તાવિત છે.

● ટ્રેનોનું સંચાલન અને ટ્રાફિક

મહેસાણા સ્ટેશન પશ્ચિમ રેલવેનું એક મુખ્ય સ્ટેશન છે જ્યાં-

● દરરોજ ૩૮ સુપરફાસ્ટ, ૨૩ મેલ/એક્સપ્રેસ અને ૧૦ લોકલ ટ્રેનો રોકાય છે.

● ૦૬ ટ્રેનો મહેસાણાથી ઉપડે છે.

● દરરોજ આશરે ૧૨,૦૦૦ યાત્રીઓ આ સ્ટેશનથી યાત્રા કરે છે.

● યાત્રીઓ અને પ્રદેશ માટે લાભો

મહેસાણા સ્ટેશનના પુનઃવિકાસથી યાત્રીઓને સુરક્ષિત, સ્વચ્છ અને આધુનિક યાત્રા અનુભવ મળશે.

સ્ટેશન પરિસરમાં વિકસાવવામાં આવી રહેલી નવી સુવિધાઓ સ્થાનિક વ્યવસાય, પર્યટન અને રોજગારને પણ વેગ આપશે.

આ પ્રોજેક્ટ શહેર અને આસપાસના વિસ્તારોને બેહતર રેલ કનેક્ટિવિટી પ્રદાન કરશે, જે પ્રાદેશિક વિકાસને નવી ગતિ આપશે.

મહેસાણા સ્ટેશનનું આ પરિવર્તન સ્થાનિક રહેવાસીઓ માટે આર્થિક પ્રગતિ, સુવિધા અને ગૌરવમાં એક નવો અધ્યાય સિદ્ધ થશે, જે "નવા ભારત ના આધુનિક રેલવે સ્ટેશન" ના વિઝનને સાકાર કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

# બિહાર બાદ હવે ગુજરાતમાં એસઆઈઆર પ્રક્રિયા શરૂ : મતદાર યાદીમાં બોગસ ચુંટણીકાર્ડ દુર કરવા બીએલઓની કામગીરી શરૂ

પ્રતિનિધિ,ગાંધીનગર

બિહાર બાદ ગુજરાત રાજયમાં પણ એસઆઈઆર (સ્પેશયલ ઈન્ટેન્સિવ રીવીઝન ) પ્રક્રિયા ગઈ કાલે મંગળવારથી શરૂ કરવામાં આવી છે.



આ પ્રક્રિયા હેઠળ મતદાર યાદીમાં રહેલા બોગસ ચુંટણીકાર્ડ ને દુર કરવામાં આવશે જેઓના બે જગ્યાએ મતદાર યાદીમાં નામ છે અથવા જે લોકો હવે પોતાના મુળ ગામ કે શહેરમાંથી સ્થળાંતર કરીને અન્યત્ર રહે છે એવા તમામ બોગસ મતદારોના નામ જુની યાદીમાંથી દુર કરવામાં આવશે. સાથે જ જે લોકો હાલમાં જયાં રહે છે ત્યાં તેમના નવા સરનામે એન્ટ્રી કરવા માટે બીએલઓ (બુથ લેવલ ઓફીસર ) દ્વારા ગઈ કાલ મંગળવાર થી ગામ અને શહેરોમાં એસઆઈઆર પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ચુંટણી વિભાગ દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે કે જો કોઈ માહિતી સુધારવી હોય, સરનામુ બદલવુ હોય અથવા નવુ નામ ઉમેરાવવુ હોય તો સંબંધીત બીએલઓનો સંપર્ક કરી ચુંટણીકાર્ડ (મતદાર યાદી) સુધારણાની પ્રક્રિયામાં સહભાગી થવુ.

# પશ્ચિમ રેલવેના સ્થાપના દિવસ પર રંગબેરંગી રોશનીથી વડોદરા મંડળના સ્ટેશન ભવનને શણગારવામાં આવ્યું

૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ પશ્ચિમ રેલવેએ તેનો ૭૫મો સ્થાપના દિવસ ઉજવ્યો. પોતાની સ્થાપના પછી થી પશ્ચિમ રેલવેએ રાષ્ટ્રની સેવામાં પોતાની ૭૦થી વધારે વર્ષોની સફરમાં ઘણા સીમાચિહ્નો હાંસલ કર્યા છે. આ અવસર પર વડોદરા મંડળના મુખ્ય કાર્યાલય સહિત મંડળના તમામ મુખ્ય સ્ટેશન ઈમારતોને વડોદરા, એકતાનગર, પ્રતાપનગર, મકરપુરા, ડભોઈ વગેરે સ્ટેશનો ને રંગબેરંગી રોશનીથી ઝળહળતી કરવામાં આવી હતી. પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી એક પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર બોમ્બે, બરોડા અને સેન્ટ્રલ ઈન્ડિયા રેલવે કંપની (BB&CI) ની રચના ૧૮૫૫ માં કરવામાં આવી હતી, જેની શરૂઆત ગુજરાત રાજયના પશ્ચિમ કિનારે અંકલેશ્વરથી ઉત્રાણ સુધી ૨૯ માઈલના બ્રોડ-ગેજ ટ્રેકના નિર્માણથી થઈ હતી, જેનું મુખ્ય મથક સુરતમાં હતું. ૨૧ નવેમ્બર, ૧૮૫૫ ના રોજ,



કંપનીએ સુરતથી બરોડા અને અમદાવાદ સુધી રેલવે લાઈન બનાવવા માટે ઈસ્ટ ઈન્ડિયા કંપની સાથે કરાર કર્યા હતા. તેની સાથે જ પશ્ચિમ બંદર પર ગુજરાતમાં ઉગાડવામાં આવતા કપાસનો પુષ્કળ પુરવઠો સુનિશ્ચિત કરવા માંટે ઉત્રાણ (સુરતની ઉત્તરે) થી તત્કાલીન બોમ્બે સુધી એક લાઈન બનાવવા માટે બીજા કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. તેના આગળ વર્ષે લાઈન પર કામ શરૂ થયું અને ઉત્રાણ થી બોમ્બેના ગ્રાન્ટ રોડ સ્ટેશન સુધીની લાઈન ૨૮ નવેમ્બર ૧૮૬૪ના રોજ સત્તાવાર રીતે ખુલ્લી મૂકવામાં આવી, જે મુંબઈમાં પશ્ચિમી લાઈનની શરૂઆત હતી. શ્રી સક્સેનાએ વધુમાં જણાવ્યું હતું કે પશ્ચિમ રેલવે તેના વર્તમાન સ્વરૂપમાં ૫ નવેમ્બર, ૧૯૫૧ ના રોજ તેની પૂર્વગામી, તત્કાલીન બોમ્બે, બરોડા અને સેન્ટ્રલ ઈન્ડિયા રેલવે કંપની (BB&CI) અન્ય સ્ટેટ રેલવે જેવા સૌરાષ્ટ્ર, રાજપૂતાના અને જયપુર ની સાથે વિલીનીકરણ દ્વારા અસ્તિત્વમાં આવી હતી. ૧૮૫૦ ના દાયકામાં બ્રિટીશ સમયગાળા દરમિયાન તેની સ્થાપના થઈ ત્યારથી પશ્ચિમ રેલવેએ પોતાની લાંબી સફરમાં વારંવાર પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી છે.

### શ્રી હર્ષ સંઘવી સીમાવર્તી વિસ્તારોની સર્વગ્રાહી સમીક્ષા કરી ગ્રામજનો સાથે સંવાદ-ખાટલા સભા યોજશે

# નાયબ મુખ્યમંત્રીશ્રી સહિત ૩૦ સિનિયર IPS અધિકારીઓની ટીમ ભારત-પાક સરહદનાં ગામડાઓની મુલાકાતે

રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની આગેવાની હેઠળ ૩૦ સિનિયર IPS અધિકારીઓની ટીમ ભારત-પાકિસ્તાન સરહદ પરના અલગ-અલગ ગામડાઓની મુલાકાત માટે જઈ રહી છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સીમાવર્તી વિસ્તારોની સર્વગ્રાહી સમીક્ષા અને ગ્રામજનો સાથે સીધો સંવાદ સ્થાપિત કરવાનો છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી આવતીકાલે તા.૬ નવેમ્બરના રોજ સવારે ભુજ સર્કિટ હાઉસ પહોંચશે, જ્યાંથી તેમના આ કાર્યક્રમનો વિધિવત પ્રારંભ થશે.

આ મુલાકાત દરમિયાન સીમાવર્તી ગામોના સરપંચો અને ગ્રામજનો સાથે મુલાકાત, રાત્રી ખાટલા સભા અને સંવાદ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત, સમગ્ર ટીમ ખાસ કરીને ગામડાઓની મહિલાઓ અને યુવાઓ સાથે સંવાદ કરીને તેમની સમસ્યાઓ અને પડકારોને નજીકથી જાણવાનો પ્રયાસ કરશે.

આ મુલાકાતનો હેતુ સીમાવર્તી ગામોની સર્વગ્રાહી સમીક્ષા કરવાનો છે. જેમાં મુખ્યત્વે આરોગ્ય, શિક્ષણ, માળખાગત સુવિધાઓ, સ્વચ્છતા અને સુરક્ષા સહિતના વિવિધ મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક સમીક્ષા કરવામાં આવશે.

સરહદી સુરક્ષાના વિષયો જેવા કે એન્ટીનેશનલ એક્ટિવિટીઝ અને બોર્ડર પેટ્રોલિંગ ઓપરેશન અંગે BSF અધિકારીશ્રીઓ સાથે ખાસ બેઠકનું આયોજન કરાયું છે.

સાથે જ BSF જવાનો સાથે પણ સંવાદ કરવામાં આવશે, જેથી સરહદની સુરક્ષાની સ્થિતિનો તાગ મેળવી શકાય.

આ મુલાકાતનું સૌથી મહત્ત્વનું પાસું એ છે કે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી પોતે ગામના ભાતીગળ રહેઠાણ દેશી ભૂંગામાં જ રાત્રિ રોકાણ કરશે. એટલું જ નહીં, તેમણે તમામ સિનિયર ઉચ્ચ અધિકારીશ્રીઓને પણ સર્કિટ હાઉસ કે હોટલને બદલે ગામમાં જ રાત્રે રોકાણ કરવા સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે. આ નિર્ણય પાછળનો હેતુ ગામની સંસ્કૃતિ, ગ્રામજનોની રહેણી-કહેણી તેમજ તેમની સમસ્યાઓને નજીકથી અનુભવીને તેના પર અસરકારક રીતે કાર્ય કરવાનો છે.

### ખેડૂતોના હિતમાં ગુજરાત સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી આગામી તા. ૯ નવેમ્બરથી શરૂ થશેઃ કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

**ખેડૂતો પાસેથી ટેકાના ભાવે આશરે રૂ. ૧૫,૦૦૦ કરોડથી વધુના મૂલ્યની મગફળી મગ, અડદ અને સોયાબીનની ખરીદી કરાશે**

ગુજરાત સરકારે ખેડૂતોના હિતમાં કરેલા મહત્વપૂર્ણ નિર્ણય અંગે પ્રેસ-મીડિયાના મિત્રોને માહિતી આપતા કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યના ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ સાથે આર્થિક રક્ષણ પણ મળી રહે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં મગફળી, મગ, અડદ અને સોયાબીન જેવા ખરીફ પાકોની આગામી તા. ૯ નવેમ્બરથી ટેકાના ભાવે ખરીદી શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

મંત્રીશ્રીએ આ સંદર્ભે જણાવ્યું હતું કે, દેશના ખેડૂતોને આર્થિક નુકશાનથી બચાવવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ટેકાના ભાવમાં ચાલુ વર્ષે નોંધપાત્ર વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે મગફળીના ભાવમાં પ્રતિ ક્વિન્ટલ રૂ. ૪૮૦, અડદના ભાવમાં રૂ. ૪૦૦ અને સોયાબીનના ભાવમાં પ્રતિ ક્વિન્ટલ રૂ. ૪૩૬ નો ભાવવધારો કરવામાં આવ્યો છે. ભાવ વધારા સાથેનો પોષણક્ષમ ભાવ મળતા ખેડૂતોને તેનો મહત્તમ લાભ મળશે. કૃષિ મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્યમાં પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન અંતર્ગત ચાલુ સીઝનમાં રાજ્યના ખેડૂતો પાસેથી આશરે રૂ. ૧૫,૦૦૦ કરોડથી વધુના મૂલ્યની મગફળી, સોયાબીન, અડદ અને મગની ખરીદી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેથી રાજ્યના ખેડૂતોએ ઓછા બજાર ભાવમાં પોતાની જણષ વેચવી નહીં પડે. રાજ્યમાં ચાલુ વર્ષે મગફળીના મબલખ ઉત્પાદનને ધ્યાને રાખીને પ્રતિ ખેડૂત ૧૨૫ મણ મગફળી સરકારના ધારાધોરણો મુજબ ખરીદવાનો ઉદારતમ નિર્ણય કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી માટે રાજયમાં કુલ વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને મગફળી મગ, અડદ અને સોયાબીન માટે ૩૦૦થી વધુ ખરીદ કેન્દ્રો સૂચિત કરવામાં આવ્યા છે, જયાંથી ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. જરૂરિયાત જણાય તો કેન્દ્રોની સંખ્યા હજુ પણ વધારવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર દ્વારા ખરીફ પાકોનું વાવેતર થાય તે અગાઉ જ ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યા હતા. જે અનુસાર મગફળીનો ટેકાનો ભાવ રૂ. ૭,૨૬૩ પ્રતિ કિવ., મગનો ટેકાનો ભાવ રૂ. ૮,૭૬૮ પ્રતિ કિવ., અડદનો ટેકનો ભાવ રૂ. ૭,૮૦૦ પ્રતિ કિવ. અને સોયાબીનનો ટેકાનો ભાવ રૂ. ૫,૩૨૮ પ્રતિ કિવ. ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો હતો. - નિતિન રથવી

# પોરબંદર—સિકંદરાબાદ એક્સપ્રેસ ટ્રેનને લિંગમપલ્લી સ્ટેશન પર અસ્થાયી ઠેરાવની સુવિધા

તહેવારો દરમ્યાન યાત્રિયોની સુવિધાને ધ્યાનમાં રાખીને તેમજ ભીડ પ્રબંધનના હેતુસર રેલવે પ્રશાસન દ્વારા લિંગમપલ્લી (LPI) સ્ટેશન પર કેટલીક ટ્રેનોને અસ્થાયી ઠેરાવની સુવિધા આપવામાં આવી છે. આ સુવિધા આગામી ૦૬ મહિનાની અવધિ માટે, તાત્કાલિક અસરથી ૩૦ એપ્રિલ, ૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠી દ્વારા જણાવવામાં આવ્યું છે કે આ અવધિ દરમિયાન નીચેની ટ્રેનો લિંગમપલ્લી સ્ટેશન પર અસ્થાયી રૂપે રોકાશે –

૧. ટ્રેન નંબર ૨૦૯૬૭ સિકંદરાબાદ—પોરબંદર એક્સપ્રેસ

લિંગમપલ્લી સ્ટેશન પર આગમન/પ્રસ્થાન સમય – ૧૫.૩૯/૧૫.૪૦ કલાક

૨. ટ્રેન નંબર ૨૦૯૬૮ પોરબંદર—સિકંદરાબાદ એક્સપ્રેસ

લિંગમપલ્લી સ્ટેશન પર આગમન/પ્રસ્થાન સમય – ૦૬.૧૪/૦૬.૧૫ કલાક

આ અસ્થાયી ઠેરાવની સુવિધા યાત્રિયોની સુવિધાને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે, જેથી ક્રિસમસ, નવું વર્ષ અને સંક્રાંતિ જેવા તહેવારો દરમિયાન વધતી ભીડનું અસરકારક રીતે સંચાલન કરી શકાય.

આ નિર્ણયથી મુસાફરોને લિંગમપલ્લી સ્ટેશન પરથી મુસાફરી કરવા વધુ સુવિધા અને સરળતા મળશે.

# રેલવેના પેન્શનર / ફેમિલી પેન્શનરોએ ૩૦ નવેમ્બર ૨૦૨૫ સુધી જીવન પ્રમાણપત્ર અનિવાર્ય રીતે જમા કરાવવું

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વિત્ત પ્રબંધક શ્રી મોહિત પંચાલે માહિતી આપી છે કે રેલવેના તમામ પેન્શનરો તથા ફેમિલી પેન્શનરો માટે તેમનું જીવન પ્રમાણપત્ર (Life Certificate) તારીખ ૩૦ નવેમ્બર ૨૦૨૫ સુધી અનિવાર્ય રીતે જમા કરાવવું જરૂરી છે. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે પેન્શનરોની સુવિધાને ધ્યાનમાં રાખીને તથા બેંકોમાં લાંબી કતારો અને વૃદ્ધ પેન્શનરોને થતી અસુવિધાથી બચાવવા ભારત સરકારે "જીવન પ્રમાંણ (Jeevan Pramaan)" નામનું એક ડિજિટલ એપ્લિકેશન વિકસાવ્યું છે. આ એપ્લિકેશન દ્વારા પેન્શનર પોતાના ઘરેથી જ ડિજિટલ જીવન પ્રમાણપત્ર જમા કરી શકે છે અને પ્રમાણપત્રની નકલ ઑનલાઈન મેળવી શકે છે. જો કોઈ પેન્શનરને ડિજિટલ જીવન પ્રમાણપત્ર જમા કરવામાં કોઈ મુશ્કેલી આવે, તો તેઓ સહાય માટે ભાવનગર પરા સ્થિત મંડળ રેલ પ્રબંધક કચેરીના લેખા વિભાગનો સંપર્ક કરી શકે છે. મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ તમામ પેન્શનરો તથા ફેમિલી પેન્શનરોને વિનંતી કરી છે કે તેઓ પોતાનું જીવન પ્રમાણપત્ર નિર્ધારિત તારીખ સુધી જમા કરાવે, જેથી પેન્શન ચુકવણીમાં કોઈ વિક્ષેપ ન થાય.

# ૧૯ નવેમ્બરની પોરબંદર-શાલીમાર સુપરફાસ્ટ ટ્રેન સાંતરાગાછી સ્ટેશન સુધી જશે

રેલવે તંત્ર દ્વારા શાલીમાર સ્ટેશન પર યાર્ડ રિમોડેલિંગ સંબંધિત એન્જિનિયરિંગ કાર્ય કરવાને કારણે, ૧૯ નવેમ્બર, ૨૦૨૫ના રોજ પોરબંદરથી ઉપડનારી થનારી પોરબંદર-શાલીમાર સુપરફાસ્ટ ટ્રેન શાલીમારની જગ્યાએ સાંતરાગાછી સ્ટેશન સુધી જશે. આ જ પ્રમાણે, ૨૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ શાલીમારથી ઉપાડનારી ટ્રેન સંખ્યા ૧૨૯૦૬ શાલીમાર-પોરબંદર સુપરફાસ્ટ શાલીમારની જગ્યાએ સાંતરાગાછી સ્ટેશનથી જ શરૂ થશે. વિસ્તૃત માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www. enquiry. indianrail. gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# અમદાવાદના જુહાપુરામાં એક વર્ષ અગાઉ ગુમ થયેલા યુવકનો મૃતદેહ મળ્યો: પ્રેમિકાએ હત્યા કરી મૃતદેહ દાટી નાખ્યો હતો

પ્રતિનિધિ,ગાંધીનગર

પ્રેમિકાને અન્ય યુવક સાથે પણ હતા પ્રેમ સંબંધ અને યુવકનો કાંટો દુર કરવા માટે કરી હતી હત્યા, હત્યા બાદ યુવક ગુમ થયાની ફરીયાદ નોંધાવી હતી અને ક્રાઈમ બ્રાન્ચે મૃતદેહ બહાર કાઢી ગુન્હો દાખલ કર્યો હતો. આ કેસમાં પ્રેમિકા સહિત ૪ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. અમદાવાદના જુહાપુરાના ફતેહવાડી વિસ્તારમાં ફીલ્મ દ્રશ્ય જેવી ઘટના બનવા પામી હતી. છેલ્લા એક વરસથી ગુમ થયેલ યુવકની હત્યાનો ભેદ પોલીસે ઉકેલી કાઢયો છે. જેમાં ખુદ પત્નીએ પ્રેમીની મદદથી પતિની હત્યા કરીને લાશને રસોડામાં દાટી દીધી હતી. પોલીસે ગુમ યુવકની પત્નીના નિવેદનો વિરોધાભાસ આવતા કડકાઈથી પુછપરછ કરતા ભાંડો ફુટી ગયો હતો. પત્નીએ જ પ્રેમી સાથે મળીને પતિની હત્યા



કરીને લાશને ઘરમાં રસોડામાં જમીનની નીચે દાટીને પુરાવાનો નાશ કર્યો હતો. પત્નીના અન્ય યુવકો સાથેના સંબંધોની જાણ પતિને થતા બંને વચ્ચે અવાર નવાર ઝઘડા થતા હતા જેથી પતિનો કાંટો કાઢવા પ્રેમી સાથે મળીને ખોફનાક પ્લાન ઘડયો હતો. હાલમાં સરખેજ પોલીસે પત્ની અને તેના પ્રેમી સામે ગુન્હો નોંધવાની તજવીજ હાથ ધરીને અટકાયત કરી છે. ફતેહવાડીના અહેમદી રો હાઉસમાં રહેતા સમીર બિહારી, પત્ની રૂબી સાથે રહેતો હતો જેમાં થોડા વર્ષ અગાઉ રૂબીને ઈમરાન વાઘેલા નામના યુવક સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો તેની જાણ પતિને થઈ જતા બંને વચ્ચે અવાર નવાર ઝઘડો થતો હતો. જેથી પત્નીએ પ્રેમી સાથે મળીને પ્રેમ સંબંધમાં વચ્ચેથી કાંટો કાઢવા પતિની હત્યાનો પ્લાન કર્યો હતો. ત્યારે એક વરસ અગાઉ પત્નીએ પ્રેમી સાથે મળીને પતિ સમીર ની હત્યા કરીને લાશને રસોડાની નીચે દાટી દીધી હતી. તેના પર નવુ સિમેન્ટનુ ફલોરીંગ કરી પુરાવાનો નાશ કર્યો હતો. પત્નીએ પતિના ગુમ થવા અંગે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી પોલીસે પત્નીનુ નિવેદન લેતા પતિ ઝઘડો કરીને ઘરમાંથી જતો રહ્યો છે તેવુ પોલીસ સમક્ષ નિવેદન આપ્યુ હતું. ત્યારે પાડોશીઓએ પુછતા જણાવતી હતી કે તેનો પતિ તેને છોડીને જતો રહ્યો છે.

અવાર નવાર રૂબીના નિવેદનો લેતા છેલ્લા ૩ મહિનાના નિવેદનોમાં વિરોધાભાસ આવતા શંકા વધુ ગાઢ બની હતી. પત્નીની વધુ પુછપરછ કરતા તેને પ્રેમી સાથે મળીને પતિ સમીર ની હત્યા કરી હોવાની કબુલાત કરી હતી. રૂબીના પ્રેમી ઈમરાને પતિ સમીરની વસ્તુઓ દુર કરવા અને પુરાવા નાશ કરવામાં મદદ કરી હતી.

# સીધી ભરતીના કવોટામાં સરકારે ૧૩૩ થી વધુ નાયબ મામલતદારોની ભરતી કરી દીધી: સરકાર કહે છે જુની બધી વધઘટ રદ

પ્રતિનિધિ,ગાંધીનગર

નાયબ મામલતદારોની ખાલી પડેલી જગ્યા ભરવા માટે સરકારે કાર્યવાહી શરૂ કરી છે અને તે માટે નાયબ મામલતદાર વર્ગ ૩ સંવર્ગનુ કામ ચલાઉ મેરીટ લીસ્ટ જાહેર કર્યુ છે. તારીખ ૧૯ મે ૨૦૧૨ ની સ્થિતિએ મંજુર થયેલા સંવર્ગની ભરાયેલી અને ખાલી જગ્યાઓની વિગતો, તારીખ ૨૯/૫/૨૦૧૨ થી ૨૯ /૧/૨૦૧૪ દરમિયાન નવી ઉપલબ્ધ થયેલી જગ્યાની માહિતી, સીધી ભરતી, બઢતી, સેમી ડાયરેકટ પધ્ધતિ થી થયેલ નિમણુંકની માહિતી અને સમયગાળા દરમિયાન સંવર્ગ છોડીને ગયેલા નાયબ મામલતદારોની તમામ કલેકટરો પાસેથી મળેલી માહિતીના આધારે મેરીટ લીસ્ટ તૈયાર કરવામાં આવ્યુ છે.



આ મેરીટ લીસ્ટ મુજબ તારીખ ૨૯ મે ૨૦૧૨ થી તારીખ ૨૯ જાન્યુઆરી ૨૦૧૪ સુધીના સમયગાળામાં સીધી ભરતીના કવોટામાં ૪૮૭ જગ્યાઓ ફાળવવા પાત્ર છે. પરંતુ તે સામે જુન ૨૦૧૨ માં સીધી ભરતીના ૬૨૦ કર્મચારીઓની નિમણુંક થઈ હોવાથી ૧૩૩ જેટલી વધારાની જગ્યા ભરાઈ ગઈ છે. આ બાબતે શું કરવુ તે બાબતે લાંબી ચર્ચા વિચારણા બાદ એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે જે કોઈ વધઘટ હોય તે તમામ રદ ગણવાની રહેશે. આ નિર્ણય મુજબ મેરીટ લીસ્ટ બનાવવામાં આવ્યુ છે. નાયબ મામલતદારોની જગ્યાઓ તારીખ ૨૯ મે ૨૦૧૨ પહેલા જે તે જિલ્લા કલેકટર હસ્તક હતી, પરંતુ ૨૯ મે ૨૦૧૨ પછી તે રાજય કક્ષાનો સંવર્ગ ગણવામાં આવેલ છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ૨૯ મે ૨૦૧૨ પછી જે તે જિલ્લા કલેકટર દ્વારા કરવામાં આવેલ હુકમ થી નાયબ મામલતદાર સંવર્ગમાં બઢતી મેળવેલ કર્મચારીઓના હુકમો હાલ ચકાસણી હેઠળ છે અને તે પ્રક્રિયા પુરી થયે આવા કર્મચારીઓને મેરીટ લીસ્ટમાં સ્થાન આપવા બાબતે વિચારણા કરવામાં આવશે. સરકારે તૈયાર કરેલી આ મેરીટ લીસ્ટને જે તે કલેકટર કચેરીના નોટીસ બોર્ડ પર અને અન્યત્ર જાહેરમાં લગાવવામાં આવ્યા છે. કોઈ કર્મચારી કે સંબંધીતને આ બાબતે રજુઆત કરવી હોય તો ૩૦ દિવસની સમય મર્યાદા આપવામાં આવી છે. આ સમય મર્યાદા દરમિયાન મળેલી અરજીઓ બાબતે વિચારણા કરીને યોગ્ય નિર્ણય લઈને ફાઈનલ મેરીટ લીસ્ટ જાહેર કરવામાં આવશે.

# રાજયના ૧ લાખ થી વધુ ટયુશન શિક્ષકોની રોજગારી છીનવાઈ જશે: સરકારના તઘલખી નિર્ણયને લઈને શિક્ષકોની રોજગારી છીનવાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

સુપ્રિમ કોર્ટના ચુકાદા અનુસાર કેન્દ્ર સરકારે કોચીંગ કલાસ માટે એક ગાઈડ લાઈન બનાવી છે. જેનો અમલ કરવા માટે ગુજરાત સરકારે એક કમિટીની રચના કરી છે. જો કે આ ગાઈડ લાઈનની કેટલીક જોગવાઈ ઓ સામે કોચીંગ કલાસીસના સંચાલકોમાં કચવાટ જોવા મળી રહ્યો છે. કલાસીસ ના સંચાલકોના સંગઠન બરોડા એકેડેમીક એસોસીએશન દ્વારા આ મુદ્દે વડોદરા કલેકટર કચેરીમાં આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું.



સંગઠનનુ કહેવુ છે કે ૧૬ વરસથી નીચેના બાળકોને ટયુશન નહી કરાવી શકાય તેવી જોગવાઈથી તો ગુજરાતમાં જ ૧ લાખ થી વધુ શિક્ષકોની રોજગારી છીનવાઈ જશે.

આ એવા શિક્ષકો છે જે નાના પાયે પ્રાથમિક સ્કુલોના બાળકોને બોલાવીને ભણાવતા હોય છે. સાથે સાથે કેટલીક ગાઈડ લાઈનો પણ વ્યવહારૂ નથી, જેમ કે ૧ મીટર જગ્યામાં એક જ વિદ્યાર્થીને બેસાડવાનો આવો નિયમ સ્કુલો માટે નથી તો ટયુશન કલાસીસ માટે કેમ ? કલાસીસ નુ રજીસ્ટ્રેશન થાય તે સારી વાત છે પણ તેના કોઈ ચોકકસ ધારા ધોરણો નથી બનાવાયા, સંગઠને માંગ કરી હતી કે જે રીતે એફઆરસી માં શાળા સંચાલકોના પ્રતિનિધિને સ્થાન અપાયુ છે તે રીતે ગાઈડ લાઈનનો અમલ કરવા માટે બનાવાયેલી કમિટીમાં પણ કોચીંગ કલાસના પ્રતિનિધિનો સમાવેશ કરવામાં આવે.

# અમદાવાદમાં ભાજપના ગઢમાં ગાબડુ: ભાજપના અનીલ દાફડા સહિત ૧૦૦ થી વધુ કાર્યકરો આમ આદમી પાર્ટીમાં જોડાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદની એલીસબ્રીજ વિધાનસભામાં ભાજપને મોટો ઝટકો લાગ્યો છે. ભાજપના યુવા આગેવાન અનીલ દાફડા પોતાના ૧૦૦ થી વધુ કાર્યકરો સાથે આમ આદમી પાર્ટીમાં જોડાયા છે.

આ પક્ષપલ્ટાનો કાર્યક્રમ આમ આદમી પાર્ટીના નેતા ડો. જવેલ વસેરા અને જીતુ ઉપાધ્યાયની અધ્યક્ષતામાં વિધિવત રીતે યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન ભાજપના અનેક યુવા કાર્યકરો આમ આદમી પાર્ટીના ખેસ લગાડી આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. ભાજપની નીતીઓ સામે અસંતોષ વ્યકત કર્યો હતો. આમ આદમી પાર્ટી નેતાના ભાજપ ઉપર આકરા પ્રહારો કર્યા હતા. ડો. જવેલ વસેરાએ જણાવ્યુ હતુ કે ભાજપના કાર્યકરો હવે ભાજપની ભવાઈથી ત્રસ્ત થઈ ગયા છે. ભાજપના યુવા કાર્યકરો હવે ગુલામી છોડીને આપમાં જોડાઈ રહ્યા છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે ભાજપના નેતાઓ હવે જનતાની સાથે સાથે પોતાના કાર્યકર્તાઓનો અવાજ સાંભળવા પણ તૈયાર નથી.

ભાજપમાં ઈમાનદાર કાર્યકરોની અવગણના થાય છે. ડો. વસેરાએ વધુમાં કહ્યુ હતુ કે ભાજપના નેતાઓ ભ્રષ્ટાચાર કરનારા પોતાના મળતીયાઓને સાચવે છે. જયારે ઈમાનદાર કાર્યકરોની અવગણના થાય છે. હવે એ જ કાર્યકરો પરીવર્તન માટે આમ આદમી પાર્ટીના બેનર તળે એકઠા થઈ રહ્યા છે. આ જોડાણ બાદ એલીસબ્રીજ વિસ્તારમાં આમ આદમી પાર્ટીનો જનસંપર્ક અને સંગઠન બળ વધવાની શકયતા વ્યકત થઈ રહી છે.




કોર્પોરેશન ચુંટણી અગાઉ આમ આદમી પાર્ટીની તૈયારી અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન અને ખાસ કરીને એલીસબ્રીજ વિધાનસભામાં ભાજપને મોટો ફટકો પડયો છે. કારણ કે એલીસબ્રીજ વિધાનસભાના ભાજપના યુવા આગેવાન અનીલ દાફડા તેમના ૧૦૦ થી વધુ સમર્થકો સાથે આમ આદમી પાર્ટીમાં જોડાઈ ગયા છે. આમ આદમી પાર્ટીના મધ્ય ઝોનના કાર્યકારી અધ્યક્ષ ડો. જવેલ વસેરા અને શિક્ષણ સેલ પ્રદેશ પ્રમુખ જીતુ ઉપાધ્યાયની અધ્યક્ષતામાં ભાજપના નેતા અનીલ દાફડા અને ૧૦૦ થી વધુ ભાજપના કાર્યકરો ભાજપના નેતાઓથી ત્રસ્ત થઈને તથા અરવિંદ કેજરીવાલજીની ઈમાનદાર રાજનીતીથી પ્રેરીત થઈને આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા.

# વલસાડમાં પ્રતિબંધિત કેમિકલનો જથ્થો ઝડપાયો: પીઠા ગામના કોમ્પ્લેક્સમાં દરોડા યથાવત

(સંપૂર્ણ સમાચાર સેવા)વલસાડ

વલસાડમાં પ્રતિબંધિત કેમિકલનો જથ્થો ઝડપાયો છે અને **DRI** ટીમના પીઠા ગામના કોમ્પ્લેક્સમાં દરોડા યથાવત છે, કેમિકલનો ઉપયોગ નેઈલપોલિશ બનાવવા થતો હતો અને **DRI** ટીમે ચાર વ્યક્તિઓની અટકાયત કરી છે. ભાડાની દુકાનમાં કેમિકલનું પ્રોસેસિંગ યુનિટ ચાલતું હતુ અને પ્રતિબંધિત કેમિકલને લઈ **DRI**એ તપાસ હાથ ધરી છે, ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (**DRI**)ની ટીમે વલસાડ તાલુકાના પીઠા ગામ ખાતે એક કોમ્પ્લેક્સમાં દરોડા પાડયા છે, અને પ્રતિબંધિત કેમિકલનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. કેમિકલનો ઉપયોગ નેઈલપોલિશ બનાવવા માટે થતો હતો અને આ મામલે ચાર વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી છે.

### મંત્રીઓ આગતા સ્વાગતા માં રહેતા વિકાસના કામો અટવાયા:પ્રજાના કામો ઠેરના ઠેર

# ભલે સમયગાળો ઓછો મળ્યો પરંતુ મંત્રી મંડળમાં સ્થાન મળ્યુ તે મારા માટે સારૂ કહેવાય: મંત્રી પ્રવિણ માળી

પ્રતિનિધિ,ગાંધીનગર

ભુપેન્દ્ર પટેલની સરકારના નવા મંત્રીઓને હવે ઘી કેળા થઈ ગયા હોય તેમ મંત્રીઓ હવે મીડીયાના સવાલોના જવાબોમાં કહી રહ્યા છે કે ભલે મંત્રી બનવામાં સમયગાળો ઓછો મળ્યો હોય પરંતુ મોડે મોડે હાલમાં મંત્રી મંડળમાં સ્થાન મળ્યુ તે મારા માટે સારૂ કહેવાય, આ શબ્દો છે બનાસકાંઠા જિલ્લાના ડીસા મતવિસ્તારના ધારાસભ્ય કે જેઓને મંત્રી મંડળમાં રાજય કક્ષાના મંત્રી બનાવવામાં આવ્યા છે તેઓની પાસે વન પર્યાવરણ ખાતુ છે.


ભાજપમાં પક્ષ પલ્ટો કરીને આવેલા નેતાઓને મંત્રી મંડળમાં સમાવેશ ન કરવાની થીયરીને લઈને અલ્પેશ ઠાકોર, હાર્દિક પટેલ અને સી જે ચાવડા જેવા પક્ષ પલ્ટો કરી ભાજપમાં જોડાયેલા ધારાસભ્યો લીલી પેન ચલાવવાની રાહ જોઈ રહેલા ધારાસભ્યો નો મંત્રી મંડળમાં સમાવેશ કરવામાં ન આવતા કેટલાક ધારાસભ્યોની નારાજગી જોવા મળી હતી. તેમાંય ઠાકોર સમાજનો અવાજ બની ચુંટાયેલા અલ્પેશ ઠાકોર ના પણ મંત્રી મંડળ માં સમાવવાના અરમાન અધુરા રહી જતા અલ્પેશ ઠાકોરે થોડા દિવસો અગાઉ બનાસકાંઠા જિલ્લામાં શકિત પ્રદર્શન કરી સમાજનો પરચો બતાવી દીધો હતો. મોટા ભાગના મંત્રીઓને વિભાગની સાથે સાથે પ્રભારી જિલ્લાઓની જવાબદારી સોંપી દેવામાં આવી છે. ત્યારે મંત્રીઓ પ્રજાના કામોનો ઝડપી નિકાલ કરવાને બદલે આગતા સ્વાગતામાં રહેતા ધારાસભ્યોમાં કચવાટ ઉભો થવા પામ્યો છે.



# કોંગ્રેસના પાટણના ધારાસભ્યએ મુખ્યમંત્રીને લખ્યો પત્ર: ખેડુતોના દેવા માફ કરવામાં આવશે તો હું મારો ૨ મહિનાનો પગાર ખેડુતોને આપી દઈશ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજયમાં અતિવૃષ્ટી અને ભારે માવઠાને કારણે ખેડુતોનો પાક માં ભારે નુકશાન થયુ છે. સરવે ની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. ત્યારે આર્થિક સ્થિતિ અત્યંત કફોડી બની ગઈ છે. આ પરીસ્થિતિને ધ્યાને લેતા પાટણના કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખી ખેડુતોના દેવા માફ કરવાની માંગણી કરી છે.




ધારાસભ્ય કિરીટ પટેલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખ્યો છે. ધારાસભ્યએ પોતાના પત્રમાં ઉલ્લેખ કર્યો છે કે ભારે વરસાદ અને માવઠાને કારણે ખેડુતોની પાકની ભારે નુકશાની થઈ છે. જેના કારણે તેઓ બેંકો અને સહકારી સંસ્થાઓના દેવા ભરવામાં અસમર્થ બન્યા છે. વધુમાં તેમણે પત્રમાં જણાવ્યુ છે કે ખેડુતો દેશ અને રાજયની રીડ છે અને તેમનુ કલ્યાણ રાજયના વિકાસ માટે જરૂરી છે. કોંગ્રેસ સરકારના સમયમાં ખેડુતોના દેવા માફ કરાતા પત્રમાં વધુ જણાવાયુ છે. અગાઉ કોંગ્રેસ સરકાર ના સમયમાં ખેડુતોના દેવા માફ કરવામાં આવ્યા હતા. હાલ ગુજરાતને વિકાસના માદરી રાજય તરીકે ગણવામાં આવે છે. ત્યારે ઉદ્યોગપતિઓને મળતી રાહતોની સાથે ખેડુતોને પણ રાહત આપવી સમયની માંગ છે. ૨ મહિનાનો પગાર આ યોજના માટે અર્પણ કરવા ની તૈયારી ધારાસભ્યએ દર્શાવી છે. આર્થિક સંવેદનશીલતા દર્શાવતા જણાવ્યુ હતુ કે જો સરકાર ખેડુતોના દેવા માફ કરે, તો તેઓ પોતાના ધારાસભ્ય તરીકે મળતા ૨ મહિનાનો પગાર આ યોજના માટે અર્પણ કરવા તૈયાર છે. આ રજુઆત રાજયમાં ખેડુતો માટેની સહાનુભુતિ અને જનહિતની દિશામાં મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

### કોંગ્રેસના અમરતજી ઠાકોર અને ભાજપ ના અલ્પેશ ઠાકોર બન્યા પાડોશી

# ગાંધીનગરમાં ધારાસભ્યો માટે લકઝુરીયર્સ ફલેટ બનાવાયા: ધારાસભ્યોને ૫ બીએચકે લકઝુરીયર્સ ફલેટ ફાળવાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર ના સેકટર ૧૭ વિસ્તારમાં ધારાસભ્યો માટે નવી લકઝુરીયર્સ વસાહતો તૈયાર થઈ ગઈ છે. જુના એમએલએ કવાર્ટસને તોડી ૩૨૫ કરોડ રૂપીયાના ખર્ચે ૨૧૬ આધુનિક અને સુવિધાસભર ૫ બીએચકે ફલેટસ બનાવવામાં આવ્યા છે.

દરેક ફલેટમાં ઓફીસ રૂમ અને સર્વન્ટ રૂમ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. એક ફલેટ પાછળ ૧.૫૦ કરોડથી વધુનો ખર્ચ થયો છે. આ તમામ ફલેટની ફાળવણી ૧૫૦ ધારાસભ્યોને રેન્ડમ બેલેટીંગ પધ્ધતિથી કરવામાં આવી છે. જયારે સરકારના ૨૫ મંત્રીઓને પહેલેથી જ બંગલા ફાળવાઈ ચુકયા છે, ૧૧ મહિલા ધારાસભ્યોને બ્લોક નં.૬ માં ફલેટ ફાળવાયા, નવી વસાહતનુ



વિશેષ આકર્ષણ એ છે કે મહિલા ધારાસભ્યો માટે અલગ બ્લોક ફાળવવામાં આવ્યો છે. કુલ ૧૧ મહિલા ધારાસભ્યોને બ્લોક નં. ૬ માં ફલેટ ફાળવાયા છે. નરોડાના ધારાસભ્ય ડો. પાયલ કુકરાણીને આ બ્લોકના ત્રીજા માળ પર ફલેટ ફાળવવામાં આવ્યો છે. જાણીતા ધારાસભ્યો પાડોશી બન્યા. ફલેટ ફાળવણી બાદ હવે અનેક જાણીતા ધારાસભ્યો પાડોશી બન્યા છે. ભાજપના હાર્દિક પટેલ અને અમીત ઠાકર હવે એક બીજાના પડોશી બન્યા છે. ભાજપના અલ્પેશ ઠાકોરને બ્લોક નં. ૧ માં ૮૦૨ નંબરનો ફલેટ મળ્યો છે જયારે કોંગ્રેસના અમરતજી ઠાકોરને એ જ બ્લોક માં ૮૦૧ નંબરનો ફલેટ ફાળવાયો છે. એટલે બંને ઠાકોર નેતાઓ હવે આજુબાજુમાં રહેવાના છે. કોંગ્રેસના ઈમરાન ખેડાવાલા-૭૦૨ અને બાબુ જમના પટેલ -૭૦૧ પણ હવે પાડોશી બન્યા છે તેમજ આમ આદમી પાર્ટીના હેમંત ખવા-૮૦૨ અને ઉદય કાનગડ ૮૦૧ ના ફલેટ પણ બાજુમાં જ આવેલા છે. આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટાલીયા-૧૦૧ અને ભાજપના દેવા માલમ-૧૦૨ પણ હવે એક બીજાની નજીક રહેવાના છે. આ રીતે ગાંધીનગરના સેકટર ૧૭ માં નવી એમએલએ કવાટર્સ કોલોની હવે આધુનિક સુવિધાઓથી સજજ બની છે. ધારાસભ્યોને આરામ દાયક અને સુવિધાસભર નિવાસ મળી રહે તે માટે સરકાર દ્વારા આ વિશાળ પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો છે. જે હવે વિધાનસભા વિસ્તારનુ નવુ આકર્ષણ બની રહ્યુ છે.

# નિકોલમાં ફોર્ચ્યુનર ગાડીમાં બેસી ક્રિકેટ સટ્ટો રમાડતા બે પકડાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે નિકોલમાંથી ફોર્ચ્યુનર ગાડીમાં બેસીને ક્રિકેટ સટ્ટો રમાડતા બે આરોપીઓની ધરપકડ કરી છે. બંને આરોપીઓએ અન્ય વ્યક્તિ પાસેથી કરોડોની ક્રેડિટના બે અલગ અલગ આઈડી લીધા હતા. આ આઈડીમાં અન્ય લોકોને એડ કરીને ક્રિકેટનો સટ્ટો રમાડતા હતા. બંને આરોપીઓની કાર સાથે ધરપકડ કરીને પોલીસે કુલ રૂ. ૩૧.૫૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે નિકોલ ગામમાં આવેલી સંકલ્પ સ્કૂલ પાસેના ખુલ્લા મેદાનમાં રેડ કરી હતી. અહીં પાર્ક કરેલી એક ફોર્ચ્યુનર ગાડીમાંથી બે લોકોને બહાર કાઢીને તપાસ કરાઈ હતી. નીતિન ચોડવડીયા અને અરુણ ચૌહાણ પાસેથી મળી આવેલા ફોન સહિતનો મુદ્દામાલ કબજે કરાયો હતો. બંનેના ફોનની તપાસ કરતા ક્રિકેટ સટ્ટાની વેબસાઈટમાં લોગિન થયેલું મળી આવ્યું હતું.

# શિક્ષક એ કોઈ રીઢો ગુન્હેગાર નથી કે ધરપકડ વોરન્ટ ઈસ્યુ કરાય: શિક્ષક સંઘે તમામ વોરન્ટ રદ કરવા કરી ઉગ્ર માંગ

## પર હજાર બુથમાં ૩૮ હજાર કરતા વધુ શિક્ષકો સંપૂર્ણ નિષ્ઠાથી ફરજ બજાવે છે: એ કોઈ રીઢા ગુન્હેગાર નથી કે હાજર ન રહેતા ધરપકડ વોરન્ટ ઈસ્યુ કરાયુ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં એસઆઈઆર ની કામગીરી શરૂ થઈ ગઈ છે. ત્યારે આ અંગેની બેઠકમાં હાજર નહી રહેનાર અથવા તો જે તે સ્થળે હાજર રહી કામગીરી શરૂ ન કરનારા શિક્ષકો સામે તંત્ર દ્વારા ધરપકડ વોરન્ટ ઈસ્યુ કરવામાં આવી રહ્યુ છે. જેનો શિક્ષકો દ્વારા ઉગ્ર વિરોધ કરાઈ રહ્યો છે.

અખીલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક સંઘ ગુજરાતના અધ્યક્ષ મિતેષભાઈ ભટ્ટે શિક્ષકો સામેના ધરપકડ વોરન્ટ રદ કરવામાં આવે તેવી માંગ કરી છે. રાજયમાં બીએલઓ ની કામગીરીમાં શિક્ષકો સામે ધરપકડ વોરન્ટ ઈસ્યુ કરાતા ભારે રોષ જોવા મળી રહ્યો છે. ચુંટણી લક્ષી કાર્યવાહીમાં ગેરહાજર રહેલા શિક્ષકો સામે વોરન્ટ ઈસ્યુ થતા ભારે રોષ જોવા મળી રહ્યો છે. જેથી શિક્ષકો સામે ધરપકડ વોરન્ટ રદ કરવા શિક્ષકોએ માંગ કરી છે અને વોરન્ટ રદ નહી કરાય તો આંદોલનની ચીમકી આપવામાં



આવી છે. અખીલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક સંઘ ગુજરાતના અધ્યક્ષ મિતેષભાઈ ભટ્ટે જણાવ્યુ હતુ કે વર્તમાન વ્યવસ્થા મુજબ પર હજાર બુથમાં ૩૮ હજાર કરતા વધુ શિક્ષકો સંપુર્ણ નિષ્ઠાથી ફરજ બજાવી રહ્યા છે. વેકેશનમાં શિક્ષકોને તાત્કાલીક હાજર થવાનુ કહેવાયુ હતુ પણ સામાજિક કે બિમારી સહિતના કારણે શિક્ષકો જે તે સ્થળે કે મીટીંગમાં હાજર ન થાય તો ધરપકડ વોરન્ટ ઈસ્યુ થાય છે. જેનો અમે વિરોધ કરીએ છીએ, તેમણે કહ્યુ હતુ કે ધરપકડ પ્રથા સદંતર બંધ થાય તે માટે શિક્ષણમંત્રી અને ચુંટણીપંચને જાણ કરાઈ છે. શિક્ષક સન્માનીય છે અને સમાજમાં તેનુ મોભાનુ સ્થાન છે એ કોઈ રીઢા ગુન્હેગાર નથી કે હાજર ન રહેતા ધરપકડ વોરન્ટ ઈસ્યુ કરાય અમે તેનો સખત વિરોધ કરીએ છીએ અને તમામ ધરપકડ વોરન્ટ રદ કરવાની માંગ કરીએ છીએ. મિતષભાઈ ભટ્ટે વધુમાં કહ્યુ હતુ કે આગામી સમયમાં જો યોગ્ય નિર્ણય નહી કરાય તો ૯ ડીસેમ્બર ની રાજય કારોબારીમાં આ પ્રથાનો જોરદાર વિરોધ કરીને કેન્દ્રીય ચુંટણીપંચને જાણ કરવામાં આવશે. તેમણે કહ્યુ હતુ કે ૧૨ થી વધુ કેડરમાં આવા ઓર્ડર કરવા લેખિત સુચના ચુંટણીપંચે કરી છે અને તેની રજુઆત ૨ મહિના પહેલા કરાઈ હતી. પણ છતાં યોગ્ય નિર્ણય લેવાયો નથી, જિલ્લા સ્તરે તો અધિકારીઓ શિક્ષકોની રજુઆત સાંભળતા નથી મહિલાઓને નોકરી બાદ ઘેર ઘેર જઈને સરવે કરવાની પધ્ધતિ બાબતે પણ યોગ્ય નિર્ણય કરવો જોઈએ.